આળશ તજીને ઉઠો આજ;
લક્ષ્મીજી તલાશે રે પ્રભુ તારા પાવમેં,
વ્હાલા તમો મહેર કરો મહારાજ .... ૨

ગ્રાહ મુખમેંથી રે ગજને મુકાવ્યો,
કીધી એમ સુધન્વાની સહાય;
નૃસિંહ રૂપે રે હિરણાકંસ માર્યો,
વ્હાલે મારે ઉગાર્યો પ્રહ્લાદ ........ ૩

છપ્પન કોટિ રે યાદવ તારા રે,
સંગે બલિભદ્ર સરખા ભ્રાત;
કાલિનાગ નાથ્યો રે જરાસંધ જીત્યો,
તે બલ કહાં ગયું મહારાજ ....... ૪

ધ્રુવને પ્રહ્લાદે રે ગર્ભમાં તપ કીધા,
તેને વ્હાલે આપ્યાં અવિચલ રાજ;
સાત વર્ષમાં રે હરિએ ગોવર્ધન કર ધર્યો,
પૂર્યા વ્રજવનિતાના લાડ ......... ૫

વસમી વેળાએ રે વ્હારે ચઢજો વિઠ્ઠલા,
ધાજો તમે છત્રપતિ મહારાજ;
સ્વારી કરજો રે વ્હાલા મારા ગરૂડની,
નરસૈંયો વિનવે વારંવાર ......... ૬

# Pancham (Sung after midnight)

## 61. manshā dehnu tānu re kāle tāru mati jashe

rāga: pancham ( *Nādbrahma pada* 305, page 159 )

manshā dehnu tānu re kāle tāru mati jashe,
chorāshi-mā dharasho bahu ava-tāra;
ā avasara re fari fari nahi male,
hari-guna gājo re nara-ne nār ................ 1

gardabha tha-ii-ne re gali-o-mā bhatakashe,
sānja pade kumbhāra na le sambhāl;
ukarde chadhi-ne re bhunkana bhunkasho,
shira para dharashe vanatolyo bhār ........ 2

ga-u-suta tha-ii-ne re bojo bahu khenchasho,
nahi āve panthidā-no pāra;
ānkhe andhāri re ghāni-mā ghālashe,
upara besi murakha deshe āra ................ 3

unta tha-ii-ne re bahu bojo uthāvasho,
khāvo padashe ākulane kanthār;
hāthi-ne hadasele re ghara-ne bhilādashe,
upara ankusha kerā mār .......................... 4

vāgola tha-ii-ne re undhe mastake jhulasho,
khāsho bhin-na bhin-na vana-fala;
dāle pankhi re melā ghālashe,
kāyā para padashe re ghāv ..................... 5

nara-sai-yo kahe chhe re rudi vinanti,
ura ko-ii dharajo narne nār;
thodu kahyu ghanu re ghanu kari mānajo,
kāyā māyā jatā na lāge vār ...................... 6

## ૬૧. મનષા દેહનું ટાણું રે કાલે તારું મટી જશે

રાગ - પંચમ (નાદબ્રહ્મ પદ-૩૦૫, પૃષ્ઠ-૧૫૯)

મનષા દેહનું ટાણું રે કાલે તારું મટી જશે,
ચોરાશીમાં ધરશો બહુ અવતાર;
આ અવસર રે ફરી ફરી નહિ મળે,
હરિગુણ ગાજો રે નરને નાર ..... ૧

ગર્દભ થઈને રે ગલીઓમેં ભટકશે,
સાંજ પડે કુંભાર ન લે સંભાળ;
ઉકરડે ચઢીને રે ભુંકણ ભુંકશો,
શિર પર ધરશે વણતોલ્યો ભાર ..... ૨

ગૌસુત થઈને રે બોજો બહુ ખેંચશો,
નહીં આવે પંથીડાનો પાર;
આંખે અંધારી રે ઘાણીમાં ઘાલશે,
ઉપર બેસી મુરખ દેશે આર ..... ૩

ઊંટ થઈને રે બહુ બોજો ઉઠાવશો,
ખાવો પડશે આકુલને કંથાર;
હાથીને હડસેલે રે ઘરને ભીલાડશે,
ઉપર અંકુશ કેરા માર .......... ૪

વાગોળ થઈને રે ઉંધે મસ્તકે ઝુલશો,
ખાશો ભિન્ન ભિન્ન વનફલ;
ડાળે પંખી રે મેળા ઘાલશે,
કાયા પર પડશે રે ઘાવ.......... ૫

નરસૈંયો કહે છે રે રૂડી વિનંતિ,
ઉર કોઈ ધરજો નરને નાર;
થોડું કહ્યું રે ઘણું કરી માનજો,
કાયા માયા જતા ન લાગે વાર .... ૬

## 62. ghadi re u-para ghadi-yārā vāge

rāga: charchari ( *Nādbrahma pada* 317, page 170 )

ghadi re u-para ghadi-yārā vāge, um-mara o-chhi thāye
ā avasar chhe hari bhaja-vāno, kaho kema rahi-e so-ii ............ ghadi re

nānā thaki moterā kinā, mātā mangal gāye
kāla ava-sara to ko-ii-e na ditho, o-chinto vali āve .................. 1

joba-ni-yānā mojā fojā, jāye nagārā deti
anta-kāla to āvi malashe, ko-ii na shakyo cheti ....................... 2

sansāra saghalo kāle khādho, ākhara ā vara kudo
jama-duta to jotā raheshe, hari-ne nāme chhuto .................... 3

hari-ne bhaji-e hari-shuň tari-e, nara-hari-jine nami-e
lāja kāja to lakshmi-vara-ne, ramāde tema rami-e .................. 4

hari-ne bhaji-e bijuň taji-e, māyā moti khā-ii
dekhata dekhata dubakā māre, duniyā dubi mu-ii .................. 5

ā ava-sara chhe hari bhaja-vāno, jo jo mana vichāri
sarajana-hāra-nu smarana bhulyo, jiti bāji hāri ....................... 6

ko-ii-e bāli kāyā ko-ii-e gāli, ko-ii-e kāyā dāti
pavana bhego pavana thāse, mit-ti bheli mit-ti ....................... 7

nara-sai-yāno swāmi shāmaliyo, veda purāne sācho
jama-nā shira para pagalu da-ii-ne, vege vai-kunth jāsho ...... 8

## ૬૨. ઘડી રે ઉપર ઘડિયારા વાગે

રાગ - ચરચરી (નાદબ્રહ્મ પદ-૩૧૭, પૃષ્ઠ-૧૭૦)

ઘડી રે ઉપર ઘડિયારા વાગે, ઉંમર ઓછી થાય;
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઇ..... ટેક

નાનાં થકી મોટેરાં કીના, માતા મંગલ ગાય;
કાલ અવસર તો કોઈએ ન દીઠો, ઓચિંતો વળી આવે.... ૧

જોબનિયાના મોજા ફોજા, જાયે નગારાં દેતી;
અંતકાલ તો આવી મળશે, કોઈ ન શક્યો ચેતી........... ૨

સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર કુડો;
જમદૂત તો જોતા રહેશે, હરિને નામે છૂટો................ ૩

હરિને ભજીએ હરિશું તરીએ, નરહરિજીને નમીએ;
લાજ કાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ............ ૪

હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાઈ;
દેખત દેખત ડુબકાં મારે, દુનિયા ડૂબી મુઈ.............. ૫

આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી;
સર્જનહારનું સ્મરણ ભૂલ્યો, જીતી બાજી હારી............. ૬

કોઈએ બાળી કાયા કોઈએ ગાળી, કોઈએ કાયા દાટી;
પવન ભેગો પવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી............... ૭

નરસૈંયાનો સ્વામી શામળિયો, વેદ પુરાણે સાચો;
જમના શિર પર પગલું દઈને, વેગે વૈકુંઠ જાશો............ ૮

## 63. joba-niyā-ne jore tuň to

rāga: charchari ( *Nādbrahma pada* 318, page 171 )

joba-niyā-ne jore tuň to, govinda guna na gāve
ājakāla kara-tāla jhānjhari-ā, kāla o-chinto āve ............................ joba-niyā-ne

sāja ghate sādhana nava kidhā, dhāma dhuma meň fasāyo
mandira meň pāvaka prajalyo, kupa khanāv-vā lāgyo .............................. 1

sansāra saghalo tuň bhami āvyo, jiva tuň haji-e na chetyo
ghata-me ghāva padyo gada-gadiyo, murakha mana pastāya ................ 2

shyāma sarovara jhilavā pethā, vishayā pāra na pāve
budato jivado valakhā māre, taravā tumdā vāve ...................................... 3

sāje sarovara pāra na bāndhi, hari bhaji bhalo na kahāvyo
bhane nara-sai-yo jyāre bhoma dhari, tyāre mukhe rāma na āvyo ........ 4

## ૬૩. જોબનિયાને જોરે તું તો

રાગ - ચરચરી (નાદબ્રહ્મ પદ-૩૧૮, પૃષ્ઠ-૧૭૧)

જોબનિયાને જોરે તું તો, ગોવિંદ ગુણ ન ગાવે;
આજકાલ કરતાંલ ઝાંઝરીઆ, કાળ ઓચિંતો આવે........ ટેક

સાજ ઘટે સાધન નવ કીધાં, ધામ ધુમ મેં ફસાયો;
મંદિર મેં પાવક પ્રજળ્યો, કૂપ ખણાવવા લાગ્યો........... ૧

સંસાર સઘળો તું ભમી આવ્યો, જીવ તું હજીએ ન ચેત્યો;
ઘટમેં ઘાવ પડયો ગડગડિયો, મુરખ મન પસ્તાય......... ૨

શ્યામ સરોવર ઝીલવા પેઠા, વિષયા પાર ન પાવે;
બુડતો જીવડો વલખા મારે, તરવા તુમડાં વાવે............ ૩

સાજે સરોવર પાર ન બાંધી, હરિ ભજી ભલો ન કહાવ્યો;
ભણે નરસૈંયો જ્યારે ભોમ ધરી, ત્યારે મુખે રામ ન આવ્યો... ૪

## 64. sansāra rupi pāranu. suta hāleru re

rāga: hāleru ( *Nādbrahma pada* 322, page 173 )

sansāra rupi pāranu, suta hāleru re
tāmeň jhule bahu jiva, kālā hāleru re ................... 0

laksha chorāshi jhulā jhulyo, suta hāleru re
olakhyā nahi piyu, kālā hāleru re .......................... 1

bhoga teň sarve bhogavyā, suta hāleru re
teno ganatā na āve pāra, kālā hāleru re ............... 2

kāmanā je je manatani, suta hāleru re
te sarve mithyā jāna, kālā hāleru re ...................... 3

vishaya vishayavata tyāgyā, suta hāleru re
krupā kare kiratār, kālā hāleru re .......................... 4

tana mana dhana te chora chhe, suta hāleru re
te karashe jivani hāni, kālā hāleru re ..................... 5

kāma krodha ne moha chhe, suta hāleru re
e trane narakanā dhvāra, kālā hāleru re ............... 6

chintā rupi sarpani re, suta hāleru re
ene khāyo sarve sansāra, kālā hāleru re ............... 7

bhajan karo bhagavan-nu re, suta hāleru re
samay na aave vāram-vār, kālā hāleru re .............. 13

bhoga te sarve roga chhe re, suta hāleru re
jene kari jiv-ni hāni, kālā hāleru re ......................... 20

mātā madālashā ema bhane re, suta hāleru re
putra kahuň satya vāta, kālā hāleru re ................... 21

## ૬૪. સંસાર રૂપી પારણું, સુત હાલેરું રે

રાગ - હાલેરું (નાદબ્રહ્મ પદ-૩૨૨, પૃષ્ઠ-૧૭૩)

સંસાર રૂપી પારણું, સુત હાલેરું રે;
તામેં ઝુલે બહુ જીવ, કાલા હાલેરું રે.... ટેક

લક્ષ ચોરાશી ઝુલા ઝુલ્યો, સુત હાલેરું રે;
ઓળખ્યા નહિ પિયુ, કાલા હાલેરું રે.... ૧

ભોગ તેં સર્વે ભોગવ્યા, સુત હાલેરું રે;
તેનો ગણતાં ન આવે પાર, કાલા હાલેરું રે.. ૨

કામના જે જે મનતણી, સુત હાલેરું રે;
તે સર્વે મિથ્યા જાણ, કાલા હાલેરું રે.... ૩

વિષય વિષયવત્ ત્યાગ્યા, સુત હાલેરું રે;
કૃપા કરે કિરતાર, કાલા હાલેરું રે...... ૪

તન મન ધન તે ચોર છે, સુત હાલેરું રે;
તે કરશે જીવની હાનિ, કાલા હાલેરું રે.... ૫

કામ ક્રોધ ને મોહ છે, સુત હાલેરું રે;
એ ત્રણે નરકના દ્વાર, કાલા હાલેરું રે..... ૬

ચિંતા રૂપી સર્પણી રે, સુત હાલેરું રે;
એણે ખાયો સર્વે સંસાર, કાલા હાલેરું રે.... ૭

ભજન કરો ભગવાનનું રે, સુત હાલેરું રે
સમય ન આવે વારંવાર, કાલા હાલેરુ રે.... ૧૩

ભોગ તે સર્વે રોગ છે રે, સુત હાલેરું રે;
જેણે કરી જીવની હાનિ, કાલા હાલરું રે..... ૨૦

માતા મદાલશા એમ ભણે રે, સુત હાલેરું રે;
પુત્ર કહું સત્ય વાત, કાલા હાલેરું રે...... ૨૧

# Dev-gan-dhār Pra-bhāt (Early morning rāg)

## 65. gheli kidhi raghu-nāthe bā-ii mane

rāga: dev-gan-dhār pra-bhāt ( *Nādbrahma pada* 375, page 205 )

gheli kidhi raghu-nāthe bā-ii mane, gheli kidhi raghu-nāthe re
nira jamunā-nā bharavā-ne jāti, ghadulo chadhāvyo hari-e hāthe re ...... bā-ii mane

sheri-e sheri-e fuladā verāvu, morali bajāvi hari-e hāthe re
toda-le toda-le torana ban-dhāvu, mangala gava-dāvu sāri rāta re ............ 1

vrundā-vana-ni kunja galina-meň, pālava grahyo hari-e hāthe re
bā-ii mirā kahe prabhu giri-dhara-nā guna, pragata bhayo prabhāte re ...... 2

## 66. sitā kone hari bholā laksh-mana

rāga: dev-gan-dhār pra-bhāt ( *Nādbrahma pada* 376, page 205 )

sitā kone hari bholā lakshman, sitā kone hari

suni madhuli-māň ju-e raghu-nandan, shayyā suni padi
nahi jānu hiranyā kaňsa hani gayo, na jānu bhumi-e gali .......... bholā lakshman

van-vagadā-meň rahe eka jogi, betho chhe dhyān dhari
jogi-ne veshe rāvan āvyo, chhetari sitā hari ............................ 1

lāvo dhanush lakshman mārā hāth-maň, ravan māru fari
surdās prabhu tumhāre milan ko, la-ii gayo haran kari .............. 2

# દેવગંધાર પ્રભાત

## ૬૫. ઘેલી કીધી રઘુનાથે બાઈ મને

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૫, પૃષ્ઠ-૨૦૫)

ઘેલી કીધી રઘુનાથે બાઈ મને, ઘેલી કીધી રઘુનાથે;
નીર જમુનાના ભરવાને જાતી, ઘડુલો ચઢાવ્યો હરિએ હાથે .... ટેક

શેરીએ શેરીએ ફૂલડાં વેરાવું, મોરલી બજાવી હરિએ હાથે;
તોડલે તોડલે તોરણ બંધાવું, મંગલ ગવડાવું સારી રાત ...... ૧

વૃન્દાવનની કુંજ ગલિનમેં, પાલવ ગ્રહ્યો હરિએ હાથે;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, પ્રગટ ભયો પ્રભાતે .... ૨

## ૬૬. સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૬, પૃષ્ઠ-૨૦૫)

સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી;

સુની મઢૂલીમાં જુએ રઘુનંદન, શય્યા સુની પડી;
નહિ જાણું હિરણ્યા કંસ હણી ગયો, ન જાણું ભૂમિએ ગળી ... ટેક

વનવગડામેં રહે એક જોગી, બેઠો છે ધ્યાન ધરી;
જોગીને વેશે રાવણ આવ્યો, છેતરી સીતા હરી .......... ૧

લાવો ધનુષ લક્ષ્મણ મારા હાથમાં, રાવણ મારું ફરી;
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો, લઈ ગયો હરણ કરી ....... ૨

## 67. bhuli chhuň moti-no hāra jamunā-ne tira

rāga: dev-gan-dhār pra-bhāt ( *Nādbrahma pada* 377, page 206 )

bhuli chhuň moti-no hāra jamunā-ne tira, bhuli chhuň moti-no hār

eka eka moti māre laksha karoda-nu, parovu sonā tār
sāsu amāri saghale santāpe, nanandi deshe gāl ............ jamunā-ne tira

jetha amāra yukti-e rākhe, diyara pāde pokār
bā-ii mirā kahe prabhu giri-dhara nāgara, u-tāryā bhava-pār ... 1

## 68. jamunā-meň ja-ii padyo kanai-yo māro

rāga: dev-gan-dhār pra-bhāt ( *Nādbrahma pada* 378, page 206 )

jamunā-meň ja-ii padyo kanai-yo māro, jamunā-meň ja-ii padyo

jamunāji-meň ghanu jala shitala, padatā kāň-ii na daryo
pethe pātāla kāli-nāga nāthyo, fena para nrutya karyo ..... kanai-yo māro

pakadi mangāvu sa-u gvāla mandali, padatā kyo na kara dharyo
nara-sai-yānā swāmi nāga lāvyā nāthi, vrajame ānanda bhayo ..... 1

## ૬૭. ભૂલી છું મોતીનો હાર જમુનાને તીર

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૭, પૃષ્ઠ-૨૦૬)

ભૂલી છું મોતીનો હાર જમુનાને તીર, ભૂલી છું મોતીનો હાર;

એક એક મોતી મારે લક્ષ કરોડનું, પરોવું સોના તારે;
સાસુ અમારી સઘળે સંતાપે, નણંદી દેશે ગાળ .......... ટેક

જેઠ અમારા યુક્તિએ રાખે, દિયર પાડે પોકાર;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ઉતાર્યા ભવપાર .... ૧

## ૬૮. જમુનામેં જઈ પડયો કનૈયો મારો

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૮, પૃષ્ઠ-૨૦૬)

જમુનામેં જઈ પડયો કનૈયો મારો, જમુનામેં જઈ પડયો;

જમુનાજીમેં ઘણું જલ શીતલ, પડતાં કાંઈ ન ડર્યો;
પેઠે પાતાળ કાલિનાગ નાથ્યો, ફેણ પર નૃત્ય કર્યો ......... ટેક

પકડી મંગાવું સૌ ગ્વાલ મંડલી, પડતા કયોં ન કર ધર્યો;
નરસૈંયાના સ્વામી નાગ લાવ્યા નાથી, વ્રજમેં આનંદ ભયો ... ૧

# Bilāval (Morning rāg)

## 69. tuma jo dayāla moňse bahuta kari re

rāga: bilāval (*Nādbrahma pada* 383, page 208 )

tuma jo dayāla moňse bahuta kari re
sumarana ko nara dehi dini, moň pāpi-thi kashu nā saryo re .......... tuma jo

garbha-vāsa nava-māsa undhe mukha, tyāň na meri sudha visari re
jathara agnimeň rākha liyo hai, kanchana se meri deha kari re ............ 1

kahāň lagi kahuň apa-rādhi janama-ko, ādi-anta moň se bigadi re
tulasi-dāsa pa-tita tuma pā-vana, ā bāne-ki lāja padi re ....................... 2

## 70. rāma kaho pinjara ke suvā

rāga: bilāval ( *Nādbrahma pada* 384, page 209 )

rāma kaho pinjara ke suvā
ajahu khabara padata nahi andhe, dhandho kartā sakala jaga mu-ā ........ rāma kaho

ghadi suthāra katherā kinā, ajahu sāja nis-chala nahi hu-ā
anta-kāla ripu ho tama jyāre, hāra chalyo jai-se juhāri juhā .................. 1

āshā nija pāncha pani-hāri, ghatata nāhi karma-jala ku-ā
kahe kabir jene hari rasa lidho, vohi ke mukha amruta chu-ā .................. 2

## 71. tuma meri prabhutā bahuta kari re

rāga: bilāval ( *Nādbrahma pada* 385, page 209 )

tuma meri prabhutā bahuta kari re
mahā patita āyo sharanā-gata, nicha dashā la-ii uncha dhari re ........... tuma meri

janma marana santāpa āpadā, tuma parasata meri saba hari re
ashta-siddha nava-nidhi mukti āda dehi, karajodi rahi dhvāre khadi re .... 1

tina lok au-ra bhuvana chartu-dasha, veda purāne sahi padi re
sura-dāsa apane bhaktana ko, deta parama sukha ghadi re ghadi ................ 2

## ૬૯. તુમ જો દયાલ મોંસે બહુત કરી રે

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૩, પૃષ્ઠ-૨૦૮)

તુમ જો દયાલ મોંસે બહુત કરી રે;
સુમરણ કો નર દેહી દીની, મોં પાપીથી કશું ના સર્યો રે........ ટેક

ગર્ભવાસ નવમાસ ઉંધે મુખ, ત્યાં ન મેરી સુધ વિસરી રે;
જઠર અગ્નિમેં રાખ લિયો હૈ, કંચન સે મેરી દેહ કરી રે.......... ૧

કહાં લગી કહું અપરાધી જનમકો, આદિઅંત મોં સે બિગડી રે;
તુલસીદાસ પતિત તુમ પાવન, આ બાનેકી લાજ પડી રે........ ૨

## ૭૦. રામ કહો પિંજર કે સુવા

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૪, પૃષ્ઠ-૨૦૯)

રામ કહો પિંજર કે સુવા;
અજહુ ખબર પડત નહિ અંધે, ધંધો કરતા સકલ જગ મુઆ..... ટેક

ઘડી સુથાર કઠેરા કીના, અજહુ સાજ નિશ્ચલ નહિ હુઆ;
અંતકાલ રિપુ હો તમ જ્યારે, હાર ચલ્યો જૈસે જુહારી જુહા........ ૧

આશા નીજ પાંચ પનિહારી, ઘટત નાંહિ કર્મજલ કુઆ;
કહે કબીર જેણે હરિ રસ લીધો, વોહી કે મુખ અમૃત ચુઆ........ ૨

## ૭૧. તુમ મેરી પ્રભુતા બહુત કરી રે

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૫, પૃષ્ઠ-૨૦૯)

તુમ મેરી પ્રભુતા બહુત કરી રે;
મહા પતિત આયો શરણાગત, નીચ દશા લઈ ઉંચ ધરી રે......... ટેક

જન્મ મરણ સંતાપ આપદા, તુમ પરસત મેરી સબ હરી રે;
અષ્ટસિદ્ધ નવનિધિ મુક્તિ આદ દેહી, કરજોડી રહી દ્વારે ખડી રે..... ૧

તીન લોક ઔર ભુવન ચર્તુદશ, વેદ પુરાણે સહી પડી રે;
સુરદાસ અપને ભક્તન કો, દેત પરમ સુખ ઘડી રે ઘડી........... ૨

# Sārang (Afternoon rāg)

## 72. rāma-ko nitya kije suma-rana

rāga: sārang ( *Nādbrahma pada* 420, page 223 )

rāma-ko nitya kije suma-rana, rāma-ko nitya kije sumarana
niramala niramala prema hari-rasa, santa sangata mili pije ..... suma-rana ◦ 1

juthi māyā moha vishaya rasa, manako tyāgi dije
rudaya kamal-me nisha-dina hari hari, e-hi vilamba na kije ...... suma-rana ◦ 2

tana mana dhana saba manashā vāchā, rāma samar-pana kije
kaheta kabir a-u-ra nahi māguň, charana kamala dat-ta dije .... suma-rana ◦ 3

## 73. kāhe ko deha dhari re bhajana vinā

rāga: sārang (*Nādbrahma pada* 422, page 224 )

kāhe ko deha dhari re bhajana vinā, kāhe ko deha dhari
garbha vāsame bahuta dukha bhāri, bahār kādho hari ....... bhajana vinā ◦ 1

kola vachana kari bāhar āyo, vāki buddhi fari
santa sangata ten kabahu na kini,
darashana daga na bhari ....... bhajana vinā ◦ 2

hari-ki kathā ten shravane na suni, para-nindā bahuta kari
kaheta kabira suno bhā-ii sādhu, januni bhāre mari ........... bhajana vinā ◦ 3

# સારંગના પદો

## ૭૨. રામકો નિત્ય કીજે સુમરણ

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૦, પૃષ્ઠ-૨૨૩)

રામકો નિત્ય કીજે સુમરણ, રામકો નિત્ય કીજે;
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ, સંત સંગત મિલી પીજે.....સુમરણ૦ ૧

જૂઠી માયા મોહ વિષય રસ, મનકો ત્યાગી દીજે;
હૃદય કમલમેં નિશદિન હરિ હરિ, એહી વિલંબ ન કીજે...સુમરણ૦ ૨

તન મન ધન સબ મનષા વાચા, રામ સમર્પણ કીજે;
કહેત કબીર ઔર નહિ માગું, ચરણ કમલ દત્ત દીજે......સુમરણ૦ ૩

## ૭૩. કાહે કો દેહ ધરી રે ભજન વિના

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૨, પૃષ્ઠ-૨૨૪)

કાહે કો દેહ ધરી રે ભજન વિના, કાહે કો દેહ ધરી;
ગર્ભ વાસમેં બહુત દુઃખ ભારી, બહાર કાઢો હરી....... ભજન વિના૦ ૧

કોલ વચન કરી બાહર આયો, વાકી બુદ્ધિ ફરી;
સંત સંગત તેં કબહુ ન કીની, દર્શન ડગ ન ભરી...... ભજન વિના૦ ૨

હરિકી કથા તેં શ્રવણે ન સુની, પરનિંદા બહુત કરી;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જનુની ભારે મરી....... ભજન વિના૦ ૩

## 74. mandira dekha dare sudā-māji

rāga: sārang (*Nādbrahma pada* 426, page 225 )

mandira dekha dare sudāmā-ji, mandira dekha dare
kahā jo ga-ii meri truna ki jhupadi-yā,
tā ghera mahela khade re ....... sudāmā-ji ∘ 1

pahele pahore hasti jule, duje to-ranga khade re
trije pahore vastra ja bhāre, chothe ratna jade re ...................... sudāmā-ji ∘ 2

jā ghera tāla pakhā-vaja vāge, tā ghera na-u-bata vāje
jā ghera rāga chha-trise ālāpe, tā ghera sabhara bhare re ......... sudāmā-ji ∘ 3

i-ta u-ta jāta firata hai sudā-mā, man-meň socha kare re
dhāma dehi mana chakita bhayo hai, dari dari dagalā bhare re ... sudāmā-ji ∘ 4

mahala-meň bai-thi nāgara brāhma-ni, pandita āye ghera re
sura-dāsa prabhu apane sakhā ko, dāri-draya dura kare re ......... sudāmā-ji ∘ 5

## 75. govinda nāma dharyo kina tero

rāga: sārang ( *Nādbrahma pada* 428, page 226 )

govinda nāma dharyo, kina tero, govinda nāma dharyo
drupada-sutāki laj-jā rākhi, chira ko dāna karyo re ............... kina tero ∘ 1

chāra padā-ratha diyo hai sudāmā, tāndula mukha-meň dharyo
sāndi-pako suta āna diyo hai, vidyā pātha padhayo re ............. kina tero ∘ 2

lene re dene tuň hari dātā, moňse kachhu nā saryo
suraki bera kathana hoii bai-thi, janma-ko andha karyo re ........ kina tero ∘ 3

## ૭૪. મંદિર દેખ ડરે સુદામાજી

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૬, પૃષ્ઠ-૨૨૫)

મંદિર દેખ ડરે સુદામાજી, મંદિર દેખ ડરે રે;
કહાં જો ગઈ મેરી તૃણ કી ઝુંપડિયાં, તા ઘેર મહેલ ખડે રે..... સુદામાજી૦ ૧

પહેલે પ્હોરે હસ્તિ ઝૂલે, દૂજે તોરંગ ખડે રે;
ત્રીજે પ્હોરે વસ્ત્ર જ ભારે, ચોથે રત્ન જડે રે................. સુદામાજી૦ ૨

જા ઘેર તાલ પખાવજ વાગે, તા ઘેર નૌબત વાજે;
જા ઘેર રાગ છત્રીસે આલાપે, તા ઘેર સભર ભરે રે......... સુદામાજી૦ ૩

ઈત ઉત જાત ફિરત હૈ સુદામા, મનમેં સોચ કરે રે;
ધામ દેખી મન ચકિત ભયો હૈ, ડરી ડરી ડગલાં ભરે રે....... સુદામાજી૦ ૪

મહલમેં બૈઠી નાગર બ્રાહ્મણી, પંડિત આયે ઘેર રે;
સુરદાસ પ્રભુ અપને ભક્ત કો, દારિદ્રય દૂર કરે રે.......... સુદામાજી૦ ૫

## ૭૫. ગોવિંદ નામ ધર્યો કીન તેરો

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૮, પૃષ્ઠ-૨૨૬)

ગોવિંદ નામ ધર્યો કીન તેરો, ગોવિંદ નામ ધર્યો રે;
દ્રુપદસુતાકી લજ્જા રાખી, ચીર કો દાન કર્યો............. કીન તેરો૦ ૧

ચાર પદારથ દિયો હૈ સુદામા, તાંદુલ મુખમેં ધર્યો;
સાંદીપકો સુત આન દિયો હૈ, વિદ્યા પાઠ પઢયો રે........ કીન તેરો૦ ૨

લેને રે દેને તું હરિ દાતા, મોંસે કછુ ના સર્યો રે;
સુરકી બેર કઠણ હોઈ બૈઠી, જન્મકો અંધ કર્યો રે ......... કીન તેરો૦ ૩

## 76. chalata prāna kyoň ro-ii re

*rāga: sārang ( Nādbrahma pada 436, page 229 )*

chalata prāna kyoň ro-ii re, kāyā chalata prāna kyo ro-ii
tuma to prāna gavana graha kino, hamako chale vigo-ii ........... kāyā ∘ 1

tumhāri sange mai bahuta sukha pāyo, hitamila saba sukha joi-ii
e kāyā jala jāyegi ksha-name, nāma na legā ko-ii ..................... kāyā ∘ 2

kahata haii prāna suno meri kāyā, tere mere sanga na hoya
tu se sobata bahuta kasoti, sanga n chali ko-ii re ...................... kāyā ∘ 3

surata dekhi teri maiyā ruve, bānya pakata ruve bhā-ii re
lata pakadi teri striyā ruve, hansa ekalo jā-ii re ......................... kāyā ∘ 4

shiva sanakā-dika aura brahmā-dika, nārada se mukha shoii re
jene deha dhari triguname, sthira na rahe rupa ko-ii re .............. kāyā ∘ 5

kaheta kabira suno bhā-ii santo, dekhyo dilame mohi re
ehi padakā artha vichāre, āvāgamana na ho-ii re ........................... kāyā ∘ 6

## ૭૬. ચલત પ્રાણ ક્યોં રોઈ રે

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૩૬, પૃષ્ઠ-૨૨૯)

ચલત પ્રાણ ક્યોં રોઈ રે, કાયા ચલત પ્રાણ ક્યોં રોઈ;
તુમ તો પ્રાણ ગવન ગૃહ કીનો, હમકો ચલે વિગોઈ......... કાયા૦ ૧

તુંમ્હારી સંગે મૈં બહુત સુખ પાયો, હિતમિલ સબ સુખ જોઈ;
એ કાયા જલ જાયેગી ક્ષણમેં, નામ ન લેગા કોઈ........... કાયા૦ ૨

કહ્ત હૈ પ્રાણ સુનો મેરી કાયા, તેરે મેરે સંગ ન હોય;
તું સે સોબત બહુત કસોટી, સંગ ન ચલી કોઈ રે........... કાયા૦ ૩

સુરત દેખી તેરી મૈયા રૂવે, બાંય પકટ રૂવે ભાઈ રે;
લટ પકડી તેરી સ્ત્રીયા રૂવે, હંસ એકલો જાઈ રે............ કાયા૦ ૪

શિવ સનકાદિક ઔર બ્રહ્માદિક, નારદ સે મુખ સોઈ રે;
જેણે દેહ ધરી ત્રિગુણમેં, સ્થિર ન રહે રૂપ કોઈ રે........... કાયા૦ ૫

કહેત કબીર સુનો ભાઈ સંતો, દેખ્યો દિલમેં મોહી રે;
એહી પદકા અર્થ વિચારે, આવાગમન ન હોઈ રે............ કાયા૦ ૬

## 77. swāmi re mārā ādi anādi eka tuň

rāga: vinanti (*Nādbrahma pada* 723, page 411 )

swāmi re mārā ādi anādi eka tuň, niranjana nirākāra
hari hara brahmā tuň havo, swāmi tu chhe apāra
...... pāye lāgi karu vinanti

tāro pāra ko-ii nava lahe, pari-brahma avi-dhāra
tuň sarakho kara tāro, māyā rahita sansāra ............. pāye ∘ 1

āpne pote gothavyu, vahyo sakala sansāra
jāga dāna adhyātma-ne, nathi garbha-no pāra ............ pāye ∘ 2

bhovan rajhalyo e ātamā, tu na jāne sāra
dhani vihono tu maryo, cho-khāna mojhāra .................. pāye ∘ 3

brahmā-dika shiva ātamā, je dhare re sharira
kachhu moto kachhu nānero, evo akala tu vira ............ pāye ∘ 4

vigato kidho e ātamā, gune havo khanda
chorāshi laksha jiva thayā, tene bharyā brahmānda ... pāye ∘ 5

brahmānda mukyu ā badhu, padyo moha sansāra
huň māru kare āndhalo, andha eha gamāra ...................... pāye ∘ 6

.
.
.

tamāri krupa thaki rahita chhe, lope rāja ādesha
dharame ā badhu mand-yu, māne budha janesha ........... pāye ∘ 30

ana-chhato ātamā vinave, ud-dhāra jo tāta
tuň samaratha have pāmiyo, ādara eja vāta .................... pāye ∘ 31

## ૭૭. સ્વામી રે મારા આદિ અનાદિ એક તું

રાગ - વિનંતિ (નાદબ્રહ્મ પદ-૭૨૩, પૃષ્ઠ-૪૧૧)

સ્વામી રે મારા આદિ અનાદિ એક તું, નિરંજન નિરાકાર;
હરિ હર બ્રહ્મા તું હવો, સ્વામી તું છે અપાર ... પાયે લાગી કરું વિનંતિ.

તારો પાર કોઈ નવ લહે, પરિબ્રહ્મ અવિધાર;
તું સરખો કર તારો, માયા રહિત સંસાર..... પાયે૦ ૧

આપણે પોતે ગોઠવ્યું, વહ્યો સકલ સંસાર;
જાગ દાન અધ્યાત્મને, નથી ગર્ભનો પાર..... પાયે૦ ૨

ભોવન રઝળ્યો એ આત્મા, તૂ ન જાણે સાર;
ધણી વિહોણો તૂ મર્યો, ચોખાણ મોઝાર...... પાયે૦ ૩

બ્રહ્માદિક શિવ આત્મા, જે ધરે રે શરીર;
કછું મોટો કછુ નાનેરો, એવો અકલ તૂં વીર.... પાયે૦ ૪

વિગતો કીધો એ આત્મા, ગુણે હવો ખંડ;
ચોરાશી લક્ષ જીવ થયા,તેણે ભર્યા બ્રહ્માંડ .... પાયે૦ ૫

બ્રહ્માંડ મુક્યું આ બધું, પડયો મોહ સંસાર;
હું મારું કરે આંધળો, અંધ એહ ગમાર........ પાયે૦ ૬

.

.

તમારી કૃપા થકી રહિત છે, લોપે રાજ આદેશ
ધર્મે આ બધું માંદયું, માને બૂધ જનેશ ...... પાયે૦ ૩૦

અણછતો આત્મા વિનવે, ઉદ્ધાર જો તાત;
તું સમર્થ હવે પામ્યો, આદર એજ વાત...... પાયે૦ ૩૧

## 78. hāri hāri veda purāna smruti shada darashana

rāga: ved purān (*Nādbrahma pada* 740, page 457 )

hari hari veda purāna smruti shada darashana,
nichata vichāri swāmi joyu e .................... 1
eka ja sāra sanātana lādhyu e,
chetan hari pari-brahma tanu e ............... 2
pāchhalā janama tanā dukha kā visaryo,
garabha-ne ghara la-ii kāň thayo e .......... 3
karma taji ne hari-nu dhyāna māň chhāndisha,
ahar-nisha anu-saro kshenu ghadi e ........ 4
dhandhe e vāhyo kālamāň nirgamyo,
kāja chhe te sidhyu nathi e ...................... 5
janma marana sukhe dukhe e vāhyo,
kāja sidhyā vinā bhamyo e ...................... 6
kāja sidhyu nathi kāma upara nathi,
kāja sidhyā vinā ghara nathi e ................. 7
deha dhare te ātamā bole e,
deha vinā para-mātamā e ........................ 8
murti vinā para-mātamā dhā-ii-e,
avara pra-pancha kije nahi e .................... 9
te para-mātamā-thi sahu upaje,
ante tene vali sahu āthame e .................. 10
.
.
.
.
āshrame darshan varne je bolavyā,
tuja vinā te sahu ralavalyā re ................. 41
tāre ā-ii se sabala karma chhe,
lāgato andha ba-hi-e nahiň e ................. 42
karma bhogavyā pachhi dukha sahe ātamā,
tuň lāje tārā bhani e ................................ 43
ana-chhato bhakta vinanti kare swāmi e,
ātamā fedi alago shuň kare e .................. 44

## ૭૮. હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ષડ્ દર્શન

રાગ - વેદ પુરાણ (નાદબ્રહ્મ પદ-૭૪૦, પૃષ્ઠ-૪૫૭)

હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ષડ્ દર્શન, નિચટ વિચારી સ્વામી જોયું એ..... ૧

એક જ સાર સનાતન લાધ્યું એ, ચેતન હરિ પરિબ્રહ્મ તણું એ.............૨

પાછલા જનમ તણા દુઃખ કાં વિસર્યો, ગર્ભને ઘર લઈ કાં થયો એ.......... ૩

કર્મ તજી હરિનું ધ્યાન માં છાંડીશ, અહરનીશ અનુસરો ક્ષેણું ઘડી એ....... ૪

ધંધે એ વાહ્યો કાલમાં નિર્ગમ્યો,  કાજ છે તે સિધ્યુ નથી એ.............. ૫

જન્મ મરણ સુખે દુઃખે એ વાહ્યો, કાજ સિધ્યા વિના ભમ્યો એ............ ૬

કાજ સિધ્યુ નથી કામ ઉપર નથી, કાજ સિધ્યા વિના ઘર નથી એ........ ૭

દેહ ધરે તે આત્મા બોલે એ, દેહ વિના પરમાત્મા એ.................... ૮

મૂર્તિ વિના પરમાત્મા ધાઈએ, અવર પ્રપંચ કીજે નહિ એ............... ૯

તે પરમાત્માથી સહુ ઊપજે, અંતે તેણે વળી સહુ આથમે એ........... ૧૦

.
.
.
.

આશ્રમે દર્શન વર્ણે જે ભોળવ્યા, તુજ વનિા તે સહુ રળવળ્યા એ ...... ૪૧

તારે આઈ સે સબળ કર્મ છે, લાગતો અંધ બ્હી એ નહીં એ ............ ૪૨

કર્મ ભોગવ્યા પછી દુઃખ સહે આત્મા, તું લાજે તારા ભણી એ............ ૪૩

અણછતો ભક્ત વિનંતિ કરે સ્વામી એ, આત્મા ફેડી અળગો શું કરે એ..... ૪૪

## 79. kahe bhā-ii rudu teň shuň karyu

( *Nādbrahma pada* 828, page 538 )
rāga: charchari, ved purān, vinanti, kālero, vasant, etc.

kahe bhā-ii rudu teň shuň karyu, pāmyo manushya deha
hari rasha preme pidho nahi, hari sanga karyo na sneha .................... 1

ramatā te dahādā nira-gamyā, jyāň lagi hato tu bāla
dhruva-ni pere sevyo re, dinā-nātha dayāla ............................................ 2

nānā thaki para-nāvyā re, nākhyo māyā-ni jāla
mahā-juga mohyo re nāthadi, tyāthi bhajo re gopāla ......................... 3

sāchā juthā te bahu karyā re, emā karyu ekatra dravya
hatu chhatā pana vāparyu nahi, nahi thayu punya ne dāna .................... 4

maratā dithā re ati ghanā, amara rahyu nahi ko-ii
sahu-deva jyā udi gayā, rudaye vichāri jo-ii .......................................... 5

eka dina evo āvashe, divado vā-e ola-vāya
evu jāni bhajo bhagavāna, ātma sādhana thāya ........................................ 6

je jyāň hatuň te tyāň rahyu, sāthe āvyu nā kāň-ii
bhālana-nā swāmi sandesho kahi gayā re, bhā-ii-o pāmo sādhana ............ 7

# અંતિમ સમયનુ પદ

## ૭૯. કહે ભાઈ રૂડું તેં શું કર્યું

(નાદબ્રહ્મ પદ-૮૨૮, પૃષ્ઠ-૫૩૮)
રાગ - ચરચરી, વેદ પુરાણ, વિનંતિ, કાલેરો, વસંત ... વગેરે

કહે ભાઈ રૂડું તેં શું કર્યું, પામ્યો મનુષ્ય દેહ;
હરિ રસ પ્રેમે પીધો નહિ, હરિ સંગ કર્યો ન સ્નેહ......... ૧

રમતાં તે દહાડાં નિર્ગમ્યા, જ્યાં લગી હતો તું બાળ;
ધ્રુવની પેરે સેવ્યો રે, દીનાનાથ દયાળ.................. ૨

નાના થકી પરણાવ્યા રે, નાંખ્યો માયાની જાળ;
મહાજુગ મોહ્યો રે નાથદી, ત્યાંથી ભજો રે ગોપાળ......... ૩

સાચાં જૂઠા તેં બહુ કર્યાં રે, એમ કર્યું એકત્ર દ્રવ્ય;
હતું છતાં પણ વાપર્યું નહિ, નહિ થયું પુન્ય ને દાન......... ૪

મરતાં દીઠાં રે અતિ ઘણા, અમર રહ્યું નહિ કોઈ;
સહુદેવ જ્યાં ઉડી ગયા, હૃદયે વિચારી જોઈ.............. ૫

એક દિન એવો આવશે, દીવડો વાએ ઓલવાય;
એવું જાણી ભજો ભગવાન, આત્મા સાધન થાય......... ૬

જે જ્યાં હતું તે ત્યાં રહ્યું, સાથે આવ્યું ના કાંઈ;
ભાલણના સ્વામી સંદેશો કહી ગયાં રે, ભાઈઓ પામો સાધન.. ૭

# Vasant

## 80. nahi chhāndu bāvā shree rāmanāma

rāga: nirgun vasant ( *Nādbrahma pada* 444, page 233 )

nahi chhāňdu bāvā shree rāma-nāma, mere a-u-ra padhanse kona kāma,

prahalāda sadhāre padha nishāla, sanga sakhā liye bahuta bāla
kahāň jo padhāve pandita a-u-ra jāla, meri pāti-meň likha do shree gopāla .... nahi

soňdā murgā kahyo hai jāya, prahalāda bandhāyo vege lā-ii
rāma-nāma kahena-ki chhānda bāna, abahi chhodā huň mero kahyo hi māna ... 1

kahāň jo darāve pandita vāram-vāra, jene jala sthala girise liyo u-gāra
māra dāra bhāve dehi jhāra, rāma-nāma chhāňdu to mere guru hi gāra ........... 2

kādhi khadaga kopyo risāye, tero rākhanāro mohe batāy
stambha foda pragate morāra, hiranyā-kansa māryā nakha vidāra .................. 3

ādi purusha devā-dhi-deva, jene bhakta hita dharyo narasinha bhekha
kaheta kabir tero na lahuň pāra, prahalāda u-gāryo aneka vāra ......................... 4

# વસંતના પદો

## ૮૦. નહિ છાંડુ બાવા શ્રી રામનામ

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૪, પૃષ્ઠ-૨૩૩)

નહિ છાંડુ બાવા શ્રી રામનામ, મેરે ઔર પઢનસે કોન કામ;

પ્રહ્લાદ સધારે પઢ નિશાળ, સંગ સખા લિયે બહુત બાલ;
કહાં જો પઢાવે પંડિત ઔર જાલ, મેરી પાટીમેં લિખ દો શ્રી ગોપાલ... ૧

સોંડા મુર્ગા કહ્યો હૈ જાય, પ્રહ્લાદ બંધાયો વેગે લાઈ;
રામનામ કહેનકી છાંડ બાન, અબહી છોડા હું મેરો કહ્યો હી માન..... ૨

કહાં ડરાવે પંડિત વારંવાર, જેને જલ સ્થલ ગિરિસે લિયો ઉગાર;
માર ડાર ભાવે દેહી ઝાર, રામનામ છાંડુ તો મેરે ગુરૂ હી ગાર...... ૩

કાઢી ખડગ્ કોપ્યો રિસાયે, તેરો રાખનારો મોહે બતાય;
સ્તંભ ફોડ પ્રગટે મોરાર, હિરણ્યાકંસ માર્યા નખ વિદાર......... ૪

આદિ પુરુષ દેવાધિદેવ, જેણે ભક્ત હીત ધર્યો નૃસિંહ ભેખ;
કહેત કબીર તેરો ન લહું પાર, પ્રહ્લાદ ઉગાર્યો અનેક વાર........ ૫

## 81. hari-nāma tatva triloka sāra

rāga: nirgun vasant ( *Nādbrahma pada* 445, page 233 )

hari-nāma tatva triloka sāra, lolina bhaye sa-u utare pāra;

eka jogi eka jatā-dhāra, eka ange bhabhuti ghase apāra
eka muni mukha ma-u-na lina, aise hota hota juga jāta chhina ............. hari-nāma

eka ārādhe shakti shiva, eka padadā de de vadhata jiva
eka kuladevi ko jape jāpa, aise tribhuvana bhulyo trividha tāpa ............ 1

eka an-na chhoda ke pibata dudha, hari-nāma vinā rudaye ashud-dha
kaheta kabir aiso vichāra, harināma vinā kaise utare pāra .................... 2

## 82. chala chala re bhamarā kamala pāsa

rāga: nirgun vasant ( *Nādbrahma pada* 447, page 234 )

chala chala re bhamarā kamala pāsa, teri bhamari bole ati u-dāsa

teň bahuta pushpako liyo hai bhoga, tere sukha na bhayo tana badhyo hai roga
mai jo kahuň tumhe bāra bāra, meň saba vana dhundhyo dāra dāra ..... chala chala

divasa chāra ko so ranga fuli, tyoňhi dekhi kahāň rahyo hai bhuli
i-na vana sampati-me lagegi āga, taba tuma bhamarā kahāň jā-o-ge bhāga ... 1

pushpa purāno bhayo hai suka, taba tum bhamarā ko lagi adhika bhuka
uda na sake para gayo hai tuta, taba bhamari ruve shisha kuta ...................... 2

taba cha-u-disha ju-e madhu-parāya, taba bhamari le chali shisha chadhā-ii
kaheta kabir mana ko sva-bhāva, rāma-bhakti binā jama-ko dāva .................. 3

## ૮૧. હરિનામ તત્ત્વ ત્રિલોક સાર

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૫, પૃષ્ઠ-૨૩૩)

હરિનામ તત્ત્વ ત્રિલોક સાર, લોલીન ભયે સૌ ઉતરે પાર;

એક જોગી એક જટાધાર, એક અંગે ભભૂતિ ઘસે અપાર;
એક મુનિ મુખ મૌન લીન, ઐસે હોત હોત જુગ જાત છીન....... ટેક

એક આરાધે શક્તિ શિવ, એક પડદા દે દે વધત જીવ;
એક કુલદેવી કો જપે જાપ, ઐસે ત્રિભુવન ભુલ્યો ત્રિવિધ તાપ..... ૧

એક અન્ન છોડ કે પીબત દૂધ, હરિનામ વિના હૃદયે અશુદ્ધ;
કહેત કબીર ઐસો વિચાર, હરિનામ વિના કૈસે ઉતરે પાર......... ૨

## ૮૨. ચલ ચલ રે ભમરા કમલ પાસ

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૭, પૃષ્ઠ-૨૩૪)

ચલ ચલ રે ભમરા કમલ પાસ, તેરી ભમરી બોલે અતિ ઉદાસ;

તેં બહુત પુષ્પકો લિયો હૈ ભોગ, તેરે સુખ ન ભયો તન બઢયો હૈ રોગ;
મૈં જો કહું તુમ્હેં બાર બાર, મેં સબ વન ઢૂંઢયો ડાર ડાર.......... ટેક

દિવસ ચાર કો સો રંગ ફૂલી, ત્યોંહી દેખી કહાં રહ્યો હૈ ભૂલી;
ઈન વન સંપત્તિમેં લગેગી આગ, તબ તુમ ભમરા કહાં જાઓગે ભાગ. ૧

પુષ્પ પુરાનો ભયો હૈ સુક, તબ તુમ ભમરા કો લગી અધિક ભૂખ;
ઉડ ન સકે પર ગયો હૈ તૂટ, તબ ભમરી રુવે શિશ કૂટ..............૨

તબ ચૌદિશ જુએ મધુપરાય, તબ ભમરી લે ચલી શિશ ચઢાઈ;
કહેત કબીર મન કો સ્વભાવ, રામભક્તિ બિના જમકો દાવ......... ૩

## 83. āvyo māsa vasanta vadhā-manā

rāga: nirgun vasant ( *Nādbrahma pada* 478, page 248 )

āvyo māsa vasanta vadhā-manā, chhabi-lāji-ne kari-e chhāňtanā

vana kesar fulyo ati ghano, tahāň kokilā shabda shohāmanā
rudi ārata-nā la-ii-e bhāmanā, āvyo māsa vasanta vadhā-manā ............... āvyo māsa

tuň to vaheli thā ne āja re, tārā sarase sārā kāja re
tuň to muka hai-yāni dājha re, āvyo māsa vasanta vadhā-manā .............. 1

tuň to nava-ranga choli pahera re, pachhi āja thashe tāre lahera re
rudā haraji āvya tāre ghera re, āvyo māsa vasanta vadhā-manā .............. 2

tuň to saja shana-gāra sāheladi, lene abila gulāla kholā bhari
pachhi o āve hasatā hari, āvyo māsa vasanta vadhā-manā ...................... 3

rudi āratanā ango anga chhe, tahāň rama-vāno rudo ranga chhe
tahāň chhabi-lāji-no sanga chhe, āvyo māsa vasanta vadhā-manā .......... 4

tahāň ānanad sarakho thāya chhe, tahā mohana morali vāye chhe
tahāň nara-sai-yo guna gāya chhe, āvyo māsa vasanta vadhā-manā ...... 5

## ૮૩. આવ્યો માસ વસંત વધામણાં

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૮, પૃષ્ઠ-૨૪૮)

આવ્યો માસ વસંત વધામણાં, છબીલાજીને કરીએ છાંટણાં;

વન કેસર ફૂલ્યો અતિ ઘણો, તહાં કોકિલા શબ્દ સોહામણાં;
રૂડી આરતના લઈએ ભામણા, આવ્યો માસ વસંત વધામણાં..... ટેક

તું તો વહેલી થા ને આજ રે, તારાં સરસે સધળાં કાજ રે;
તું તો મૂક હૈયાની દાઝ રે, આવ્યો માસ વસંત વધામણાં........ ૧

તું તો નવરંગ ચોળી પહેર રે, પછી આજ થશે તારે લ્હેર રે;
રૂડા હરજી આવ્યા તારે ઘેર રે, આવ્યો માસ વસંત વધામણાં..... ૨

તું તો સજ શણગાર સાહેલડી રે, લેને અબિલ ગુલાલ ખોળા ભરી;
પછી ઓ આવે હસતાં હરિ રે, આવ્યો માસ વસંત વધામણાં...... ૩

રૂડી આરતના અંગો અંગ છે, તહાં રમવાનો રૂડો રંગ છે;
તહાં છબીલાજીનો સંગ છે, આવ્યો માસ વસંત વધામણાં......... ૪

તહાં આનંદ સરખો થાય છે, તહાં મોહન મોરલી વાયે છે;
તહાં નરસૈંયો ગુણ ગાય છે, આવ્યો માસ વસંત વધામણાં....... ૫

# Vasant-ni Vadhāii

**sākhi** ( *Nādbrahma* page 249 )

vasanta āyo e sakhi, āmbe āyo mor
jā ghar krishna paronalā re, tā ghar gopi-o-ni dodā-doda ........ 1

vasanta āyo e sakhi, fule saba banarāy
ek na fule ketaki, bhramar so vāsa na jāy ................................... 2

vasanta to saba hi bhalo, nahi vasanta samatul
davaki dādhi lakadi, vo hi ke shira ful ........................................... 3

## 84. aghata vasanta ghata-ta nahi kabahu

rāga: sagun vasant (*Nādbrahma pada* 479, page 249 )

aghata vasanta ghata-ta nahi kaba-huň, avināshi hai jyāňhi
dāla na mula patra nahi chhāňyā, bhramara vilambyo tāhi ........... aghata

jala bina kupa bhoma bina vādi, aradha u-radha bicha kyāri
yahān ke fula la-ii vahāň vadhāve, so mālani piyu pyāri ................. 1

pāňcha vru-ksha undhe te sudhe, pāpa vāsanā jāgi
akala māla-ni surati chhā-badi, nisha-dina binana lāgi ................. 2

hoya sana-mukha māla-ni pahe-rāve, bāsa bāsa mana dhir
shuna shikhara gadha liyo hai mukām, yoň kahe dāsa kabir .......... 3

# વસંતની વધાઈ

**સાખી** (નાદબ્રહ્મ પૃષ્ઠ-૨૪૯)
વસંત આયો એ સખી, આંબે આયો મોર;
જા ઘર કૃષ્ણ પરોણલા રે, તા ઘર ગોપીઓની દોડાદોડ.. ૧
વસંત આયો એ સખી, ફૂલે સબ બનરાય;
એક ન ફૂલે કેતકી, ભ્રમર સો વાસ ન જાય.......... ૨
વસંત તો સબ હી ભલો, નહિ વસંત સમતુલ;
દવકી દાધી લકડી, વો હી કે શિર ફૂલ.............. ૩

## ૮૪. અઘટ વસંત ઘટત નહિ કબહું

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૯, પૃષ્ઠ-૨૪૯)

અઘટ વસંત ઘટત નહિ કબહું, અવિનાશી હૈ જ્યાંહી;
ડાલ ન મૂલ પત્ર નહિ છાંયા, ભ્રમર વિલંબ્યો તાંહી......... ટેક

જલ બિન કૂપ ભોમ બિન વાડી, અરધ ઉરધ બિચ ક્યારી;
યહાં કે ફૂલ લઈ વહાં વધાવે, સો માલની પિયુ પ્યારી......... ૧

પાંચ વૃક્ષ ઉંધે તે સૂધે, પાપ વાસના જાગી;
અકલ માલની સુરતિ છાબડી, નિશદિન બિનન લાગી...... ૨

હોય સન્મુખ માલની પહેરાવે, બાસ બાસ મન ધીર;
શૂન શિખર ગઢ લિયો હૈ મુકામ, યોં કહે દાસ કબીર........ ૩

## 85. rāma-nāma praha-lāda pukāre

rāga: sagun vasant ( *Nādbrahma pada* 483, page 251 )

rāma-nāma praha-lāda pukāre, asurana ko nahi bhāve
hiranyā-kansa ki hāka na māne, prema magna guna gāve ............. rāma-nāma

rājā sahita sabhā sabahi mili, nishvā-sara sama-jāve
rāma sāyana ke mata-vālā, kuvarke dāye na āve .......................... 1

chhāndā murgā karata vinanti, rāma-nāma chhoda bāla
mero kahyo sata kari māna, kopa kiyo bhupāla ............................. 2

ko tuma ho bhupāla kone hai, bāta karata baka-vāda
rāma-snehi jivana mero, ishta amāro e hi ....................................... 3

kādhi khadaga hiranyā-kansa kopyo, ishta kahā aba tero
mo me to me khadaka stambha-me, sakala vyāpaka anero ............ 4

rāma-charana nara-hari pragate, janako kārya ja sāryo
rāma vimukha bhakta-nako drohi, rākshasa māri vidāryo ............. 5

## ૮૫. રામનામ પ્રહ્લાદ પુકારે

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૩, પૃષ્ઠ-૨૫૧)

રામનામ પ્રહ્લાદ પુકારે, અસુરન કો નહિ ભાવે;
હિરણ્યાકંસ કી હાક ન માને, પ્રેમ મગ્ન ગુણ ગાવે...... રામનામ૦ ટેક

રાજા સહિત સભા સબહી મિલી, નિશ્વાસર સમજાવે;
રામ સાયન કે મતવાલા, કુવરકે દાયે ન આવે......... રામનામ૦ ૧

છાંડા મુર્ગા કરત વિનંતિ, રામનામ છોડ બાલ;
મેરો કહ્યો સત કરી માન, કોપ કિયો ભૂપાલ........... રામનામ૦ ૨

કો તુમ હો ભૂપાલ કોને હૈ, બાત કરત બકવાદ;
રામસ્નેહી જીવન મેરો, ઈષ્ટ અમારો એ હી............. રામનામ૦ ૩

કાઢી ખડગ્ હિરણ્યાકંસ કોપ્યો, ઈષ્ટ કહાં અબ તેરો;
મોં મે તો મેં ખડક સ્તંભમેં, સકલ વ્યાપક અનેરો....... રામનામ૦ ૪

રામચરણ નરહરિ પ્રગટે, જનકો કાર્ય જ સાર્યો;
રામ વિમુખ ભક્તનકો દ્રોહી, રાક્ષસ મારી વિડાર્યો...... રામનામ૦ ૫

## 86. ārata rudi rudi mārā vahālā

rāga: sagun vasant ( *Nādbrahma pada* 484, page 252 )

ārata rudi rudi mārā vahālā, rudo māsa vasant
ruda vaname kesar fulyo, rudo kamalā-kānt ................................ ārata

rudā range bāňjā vagāde, tāruni de kara-tāl
chaturā-nāri shankha vagāde, morali madana gopāl .................... 1

ati rudo vrundā-vana sohe, rudo jamunā tir
ati rudi gopi gvālani mandali, rudo hala-dhara vir ........................ 2

ati rudo gulāla agara jo, rudo mukha tambol
ati rudo maheta nara-sai-yāno swāmi, nita nita jhākama jhol .... 3

## 87. āvo mārā vahāla ati radhi-yālā

rāga: sagun vasant ( *Nādbrahma pada* 485, page 252 )

āvo mārā vahāla ati radhi-yālā, o-pe mandira amārā
āja sapara-mo divasa amāro, darashana thayā tamārā ............. āvo mārā

nāva-liyā-nā dho-uň pāva-liyā, siňhā-sana padha-rāvuň
pāthara-vāne fula pichhodi, podho to vāyu dholu ..................................... 1

chhap-pana bhoga chhabi-lāji tamane, prema dhari-ne pirsuň
ruma-jhuma ruma-jhuma hinduň tama āge, tema tema rudi disuň .......... 2

pāna-tanuň biduň pātali-ā, te tamane khava-dāvuň
nara-sai-yānā swāmi vasant khele, jovāne tyā jāvuň .................................. 3

## ૮૬. આરત રૂડી રૂડી મારા વ્હાલા

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૪, પૃષ્ઠ-૨૫૨)

આરત રૂડી રૂડી મારા વ્હાલા, રૂડો માસ વસંત;
રૂડા વનમેં કેસર ફૂલ્યો, રૂડો કમલાકાન્ત................. ટેક

રૂડા રંગે બાંજા વગાડે, તારૂણી દે કરતાલ;
ચતુરાનારી શંખ વગાડે, મોરલી મદન ગોપાલ............. ૧

અતિ રૂડો વૃન્દાવન સોહે, રૂડો જમુના તીર;
અતિ રૂડી ગોપી ગ્વાલની મંડલી, રૂડો હલધર વીર......... ૨

અતિ રૂડો ગુલાલ અગર જો, રૂડો મુખ તંબોલ;
અતિ રૂડો મહેતા નરસૈંયાનો સ્વામી, નિત નિત ઝાકમ ઝોળ.. ૩

## ૮૭. આવો મારા વ્હાલા અતિ રઢિયાળા

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૫, પૃષ્ઠ-૨૫૨)

આવો મારા વ્હાલા અતિ રઢિયાળા, ઓપે મંદિર અમારા;
આજ સપરમો દિવસ અમારો, દર્શન થયાં તમારા......... ટેક

નાવલિયાના ધોઉં પાવલિયાં, સિંહાસન પધરાવું;
પાથરવાને ફૂલ પિછોડી, પોઢો તો વાયુ ઢોળું.............. ૧

છપ્પન ભોગ છબીલાજી તમને, પ્રેમ ધરીને પીરસું;
રુમઝુમ રુમઝુમ હીંડું તમ આગે, તેમ તેમ રૂડી દીસું....... ૨

પાનતણું બીડું પાતલીઆ, તે તમને ખવડાવું;
નરસૈંયાના સ્વામી વસંત ખેલે, જોવાને ત્યાં જાવું......... ૩

## 88. kaho kema vasi-e re mārā vahāla

rāga: sagun vasant ( *Nādbrahma pada* 490, page 254 )

kaho kema vasi-e re mārā vahāla, gokula luňta mandāni
nanda-tano nāňdhadiyo nara-hari, tha-ii betho dāni .................... kaho kema

lāga nahiň eno bhāga nahiň, bālaka jāni pālyo
mathurā-me mahi vechavāne, māragado tālyo re ........................... 1

ekanu dhole vahālo ekanu fode, ekanu gorasa khāye
eka ekane vahālo atakalu bole, shyāma sama khā-ii bole ............. 2

eka ekane vahālo chira paherāve, ekane paherāve choli re
eka ekane vahālo dadhi khavdāve, ekanu mele dholi re ................. 3

nāri mali sa-u bhāmā bholi, mali sai-yar-ni toli re
nara-sai-yāno swāmi vrundā-vana-meň, rame chhe holi re ............ 4

## 89. navala vasanta navala ayodhyā

rāga: sagun vasant ( *Nādbrahma pada* 495, page 257 )

navala vasanta navala ayodhyā, navala rāma khele hori
navā navā sakhi navā chhanda gāye, navala hi janaka kishori .......... navala vasanta

navā navā chira kasumbi paheri, na-u-tama kesara gholi
navala gulāla udāye paraspara, navala bani hai jodi ...................... 1

navā navā sakhi khelana saba dhāye, raghu-nandana ki jodi
navi picha-kāri nava-ranga varshe, avadha-pura ki chhodi .......... 2

khelate khelate ranga vādhyo hai, chiram-ma jivo eha jodi
krishna-dāsa fagu-ā dije, karo krupā bhari thodi .......................... 3

## ૮૮. કહો કેમ વસીએ રે મારા વ્હાલા

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૦, પૃષ્ઠ-૨૫૪)

કહો કેમ વસીએ રે મારા વ્હાલા, ગોકુલ લૂંટ મંડાણી;
નંદતણો નાંધડીયો નરહરિ, થઈ બેઠો દાણી............. ટેક

લાગ નહીં એનો ભાગ નહીં, બાલક જાણી પાળ્યો;
મથુરામે મંહી વેચવાને, મારગડો ટાળ્યો રે.............. ૧

એકનું ઢોળે વ્હાલો એકનું ફોડે, એકનું ગોરસ ખાયે;
એક એકને વ્હાલો અટકળું બોલે, શ્યામ સમ ખાઈ બોલે... ૨

એક એકને વ્હાલો ચીર પહેરાવે, એકને પહેરાવે ચોળી;
એક એકને વ્હાલો દધિ ખવડાવે, એકનું મેલે ઢોળી ....... ૩

નારી મળી સૌ ભામા ભોળી, મળી સૈયરની ટોળી;
નરસૈંયાનો સ્વામી વૃંદાવનમેં, રમે છે હોળી રે.......... ૪

## ૮૯. નવલ વસંત નવલ અયોધ્યા

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૫, પૃષ્ઠ-૨૫૭)

નવલ વસંત નવલ અયોધ્યા, નવલ રામ ખેલે હોરી;
નવાં નવાં સખી નવા છંદ ગાયે, નવલ હી જનક કિશોરી .. ટેક

નવાં નવાં ચીર કસુંબી પહેરી, નૌતમ કેસર ઘોળી;
નવલ ગુલાલ ઉડાયે પરસ્પર, નવલ બની હૈ જોડી ......... ૧

નવાં નવાં સખી ખેલન સબ ધાયે, રઘુનંદન કી જોડી;
નવી પિચકારી નવરંગ વર્ષે, અવધપુર કી છોડી ........... ૨

ખેલતે ખેલતે રંગ વાધ્યો હૈ, ચિરમ્ જીવો એહ જોડી;
કૃષ્ણદાસ ફગુઆ દીજે, કરો કૃપા ભરી થોડી .............. ૩

## 90. mana khelo vimala vasanta pyāre mitra-shuň

rāga: dhanā-shree ( *Nādbrahma pada* 497, page 258 )

mana khelo vimala vasanta pyāre mitra-shuň
khola kamādi kotadi tun, ghata betho mahela ekānt .............. pyāre mitra-shuň

satiyā upara bat-ti-ā dharuň ho, bhovana karuň ujiyār
piyu mile sukha pā-ii-e, mero jivana prāna ādhār ....................... 1

gaňgā jamunā ke āňtare, chandra suraja ke bich
aradha uradha ke sāndhame, tahāň amiyā agarjā kich ............. 2

ohi raňga raňge raňga rahyo re, hila-mila eka hi thām
kabirā bhetyā bhāvasoň, jahāň mityo apano nām .................... 3

## 91. mana kari sumarana ko ranga ho hori kheli-e

rāga: dhanā-shree ( *Nādbrahma pada* 499, page 259 )

mana kari sumarana ko ranga ho hori kheli-e
gnāna picha-kāri dhyāna kesara bhari,
ehi-vidha mana para mela ................ ho hori kheli-e

surata nurata anu-rāga rāgani, anu-chita cheta sujāna
pāňcha sakhi mili uthi uthi dhāve, unaki lakuti bajāy .................... 1

manako mru-danga sura jāyego gagana-meň, ana-hada nāda bajāy
kāma krodha mada lobha mohako, abila gulāla udāy ...................... 2

prema prakāsha ānanda anu-bhava, āvā-gamana mitāy
kahe kabir suno hari bhakto, gurupe fagu-ā pāy ............................. 3

## ૯૦. મન ખેલો વિમલ વસંત પ્યારે મિત્રશું

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૪૯૭, પૃષ્ઠ-૨૫૮)

મન ખેલો વિમલ વસંત પ્યારે મિત્રશું;
ખોલ કમાડી કોટડી તું, ઘટ બેઠો મહેલ એકાંત........પ્યારે મિત્રશું૦ ટેક

સતિયા ઉપર બત્તિઆ ધરું હો, ભોવન કરું ઉજિયાર;
પિયુ મિલે સુખ પાઈએ, મેરો જીવન પ્રાણ આધાર....પ્યારે મિત્રશું૦ ૧

ગંગા જમુના કે આંતરે, ચંદ્ર સૂરજ કે બીચ;
અરધ ઉરધ કે સાંધમેં, તહાં અમીયાં અગરજા કીચ...પ્યારે મિત્રશું૦ ૨

સોહી રંગ રંગે રંગ રહ્યો રે, હિલમિલ એક હી ઠામ;
કબીરા ભેટયા ભાવસોં, જહાં મિટયો અપનો નામ.....પ્યારે મિત્રશું૦ ૩

## ૯૧. મન કરી સુમરણ કો રંગ હો હોરી ખેલીએ

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૪૯૯, પૃષ્ઠ-૨૫૯)

મન કરી સુમરણ કો રંગ હો હોરી ખેલીએ;
જ્ઞાન પિચકારી ધ્યાન કેસર ભરી, એહીવિધ મન પર મેલ..હો હોરી૦ ટેક

સુરત નુરત અનુરાગ રાગણી, અનુચિત ચેત સુજાણ;
પાંચ સખી મિલી ઉઠી ઉઠી ધાવે, ઉનકી લકુટી બજાય.. હો હોરી૦ ૧

મનકો મૃદંગ સૂર જાયેગો ગગનમેં, અનહદ નાદ બજાય;
કામ ક્રોધ મદ લોભ મોહકો, અબિલ ગુલાલ ઉડાય...... હો હોરી૦ ૨

પ્રેમ પ્રકાશ આનંદ અનુભવ, આવાગમન મિટાય;
કહે કબીર સુનો હરિ ભક્તો, ગુરુપે ફગુઆ પાય........ હો હોરી૦ ૩

## 92. nita mangala hori kheli-e ho

rāga: dhamār ( *Nādbrahma pada* 506, page 263 )

nita mangal hori kheli-ye ho,
ho mere pyāre, nita hi vasanta nita hi fāga ..... nita mangal

dayā dharma-ko kesara gholyo, prema prita picha-kāri
bhāva bhakti bharoso sada-guru-ko. janama safala naranāra ............ 1

kshamā abila charchyo chit-ta chandana, sumarana dhyāna dhumār
gnāna gulāla agara kasturi, umange umange rasa dāra ......................... 2

charanā-mruta prasāda santa-raja, lije shisha chadhāy
loka lāja kula kaheta todake, nira-bhaya nishāna bajāy ...................... 3

kathā kirtana mangala och-chhava, jyoṅ santana ki bhir
kabahu kāraja bigade na tero, yoṅ kahe dāsa kabir ........................... 4

## 93. ai-se mana sanga hori kheli-e ho

rāga: dhamār (*Nādbrahma pada* 507, page 264 )

ai-se mana sanga hori kheli-e ho,
ho mere pyāre, janma marana bhaya jāya ......... ai-se mana sanga

joga jugata-ki karo picha-kāri, kshamā chalā-vana-hār
ātmā brahma jaba khelana lāge, pāncha pachisha mozāra ......... 1

ingalā pingalā ne sushamnā nādi, surata nurata liye lār
apane piyu sanga hori khelo, laj-jā kahāna nivāra .......................... 2

gnāna galime hori khelo, machyo hai pre-mako kich
kāma krodha do-u kuda kuda bhāge, suni shabda atita .................. 3

sata-guru mili mohe fagu-ā dinā, māraga diyo batāy
kaheta kabir khelo mana ai-se. jivata brahma samāya .................. 4

## ૯૨. નિત મંગલ હોરી ખેલીયે હો

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૬, પૃષ્ઠ-૨૬૩)

નિત મંગલ હોરી ખેલીયે હો, હો મેરે પ્યારે, નિત હી વસંત નિત હી ફાગ..ટેક

દયા ધર્મકો કેસર ઘોળ્યો, પ્રેમ પ્રીત પિચકારી;
ભાવ ભક્તિ ભરોસો સદ્‌ગુરુકો, જન્મ સફલ નરનાર...નિત૦ ૧

ક્ષમા અબિલ ચર્ચ્યો ચિત્ત ચંદન, સુમરણ ધ્યાન ધુમાર;
જ્ઞાન ગુલાલ અગર કસ્તૂરી, ઉમંગે ઉમંગે રસ ડાર....નિત૦ ૨

ચરણામૃત પ્રસાદ સંતરજ, લીજે શિષ ચઢાય;
લોક લાજ કુલ કહેત તોડકે, નિર્ભય નિશાન બજાય....નિત૦ ૩

કથા કીર્તન મંગલ ઓચ્છવ, જ્યોં સંતન કી ભીર;
કબહુ કારજ બિગડે ન તેરો, યોં કહે દાસ કબીર......નિત૦ ૪

## ૯૩. ઐસે મન સંગ હોરી ખેલીએ હો

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૭, પૃષ્ઠ-૨૬૪)

ઐસે મન સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે,
જન્મ મરણ ભય જાય....ઐસે૦ ટેક
જોગ જુગતકી કરો પિચકારી, ક્ષમા ચલાવનહાર;
આત્મા બ્રહ્મ જબ ખેલન લાગે, પાંચ પચીશ મોઝાર......ઐસે૦ ૧

ઈંગલા પીંગલા ને સુષમ્ણા નાડી, સુરત નુરત લિયે લાર;
અપને પિયુ સંગ હોરી ખેલો, લજ્જા કહાન નિવાર.......ઐસે૦ ૨

જ્ઞાન ગલીમેં હોરી ખેલો, મચ્યો હૈ પ્રેમકો કીચ;
કામ ક્રોધ દોઉ કુડ કુડ ભાગે, સુની શબ્દ અતીત........ઐસે૦ ૩

સતગુરૂ મિલી મોહે ફગુઆ દીના, મારગ દિયો બતાય;
કહેત કબીર ખેલો મન ઐસે, જીવત બ્રહ્મ સમાય.........ઐસે૦ ૪

## 94. hari piyu sanga hori kheli-e ho

rāga: dhamār ( *Nādbrahma pada* 508, page 264 )

hari piyu sanga hori kheli-e ho,
ho mere pyāre, surata suhāgana nāra ........ hari piyu sanga

karma kiye nara dehi pā-ii, hota pashu a-u-r gamār
sādhu sakala mula grahi bai-the, saba juga lāgyo hai dār .................... 1

ingalā pingalā sushamnā nādi, dashame dhvāre matha chhāňy
bhra-mara gufā-meň je rasa chākhe, ura dhara dhyāna lagāy ............ 2

dāra bhra-manā ajahu na chete, kaheta kabir vichār
shabda hamāro je ko-ii māne, so-ii jana utare pār ................................... 3

## 95. aise hari sanga hori kheli-e ho

rāga: dhamār ( *Nādbrahma pada* 509, page 265 )

aise hari sanga hori kheli-e ho,
ho mere pyāre, jaise rām kabir ........... aise hari sanga

bālapanu khelaname gumāyo, jobana juvāni jor
e mana masta kahyo na māne, na dekha sānja bhor ................. 1

karma kiye nara dehi pāyo, hota pashu patang
jene prabhuji ko nāma na jānyo, so nara hogā bhoring ........... 2

avināshi vanase nahi, jā ki kathā re apār
sādhu sakala mula grahi baithe, saba juga lāgyo hai dār ........ 3

je jana jagatase laga rahyo hai, hari ko dekhe dur
nishche smarana kare re kabir-ji, ghata mānhe hāla hajur ..... 4

## ૯૪. હરિ પિયુ સંગ હોરી ખેલીએ હો

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૮, પૃષ્ઠ-૨૬૪)

હરિ પિયુ સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે,
સુરત સુહાગન નાર..........હરિ૦ ટેક

કોટિ કામ સ્વરૂપ સુંદર, કોઈ જાણે ભેવ........... ટેક

ચાકે ચાર ભુજા ચાર આયુધ, નીરખી લે નિરધાર;
અજહું મન પ્રતીત નાહિ, નંદ ગૃહે લે જાય.......... ૧

જોકે પોલી પાલા જડે તાળાં, નાહિ ન માર્ગ ભેવ;
નિશા અંધારી વીજ ચમકે, સઘન વર્ષે મેહ......... ૨

જા કે શ્વાન પડત પહોરવા, હુઆ મુકત દ્વાર;
બંધન બેડી સબ છુટી, ભયો એહ વિચાર........... ૩

ઝાલર ઝાંઝ પખાવ બાજે, ઓર બાજે કિરતાલ;
દેવકી ગૃહે કૃષ્ણ પ્રગટે, કંસકો હૈ કાલ............. ૪

સિંહ આગે શેષ પીછે,વહત જમુના પૂર;
નાસિકા લો નીર આયે, પાર પેલે દૂર.............. ૫

ગોદ તેં અહંકાર કીનો, નદી પાયો ભેવ;
પરસી જમુના માર્ગ દીનો, ઉતરે વસુદેવ............ ૬

બાવાનંદ શું મનોહાર કીજે, સુનો કહે વસુદેવ;
કહેત કવિ સુત જાની અપનો, કીજો હરિજીકી સેવ... ૭

## 132. achyutam keshavam rāma nārāyanam

achyutam keshavam rāma nārāyanam
krishna dāmodaram vāsudevam hare

shree-dharam mādhavam gopikā vallabham
jānaki-nāyakam rāma-chandram bhaje

rāma rāma rāma rāma rāma nāma tārakam
rāma-krishna vāsudeva bhakti mukti-dāyakam

shanka-rāya kriya-māna punya-dāna kirtanam
shree jānaki mano-haram shree rāma-chandram hare

## 133. āja sakhi ashtami

rāga: dhol

āja sakhi ashtami ne budha-vār re,
pragatyā shri purushottam prānādhār re
pahero beni shobhitā shanagār re,
jāvuň chhe nand tane darabār re
nandaji-nā bhāgya tano nahiň pār re,
dhanya dhanya mātā jashodā mādi re
putra-nā to shrimukh nirakho chho dahādi re,
evo to putra janmi-ne sukh didhā re
vipra-ne to dān ghanā eka didhā re,
tyāň to ko-ii tariyā toran bandhāvo re
vhālāji-ne viveke vadhāvo re,
evi chhe dāsa hari bhatt-ni vāni re,
tene tame rudiyā-māň rākho-ne āni re

## ૧૩૨. અચ્યુતમ કેશવમ્  રામ નારાયણમ્

( સ્તુતિ )

અચ્યુતમ કેશવમ્  રામ નારાયણમ્
કૃષ્ણ દામોદરમ્ વાસુદેવમ્ હરે...
શ્રીધરમ માધવમ્ ગોપિકા વલ્લભમ્
જાનકીનાયકમ્ રામચંદ્રમ્ ભજે...
રામ રામ રામ રામ રામ નામ તારકમ્
રામકૃષ્ણ વાસુદેવ ભક્તિ મુક્તિદાયકમ્...
શંકરાય ક્રિયામાણ પુન્યદાન કીર્તનમ્
શ્રી જાનકી મનોહરમ્ શ્રી રામચંદ્રમ્ હરે...

## ૧૩૩. આજ સખી અષ્ટમી

(રાગ - ધોળ)

આજ સખી અષ્ટમી ને બુધવાર રે,
        પ્રગટયા શ્રી પુરુષોત્તમ પ્રાણાધાર રે
પહેરો બેની શોભીતા શણગાર રે,
        જાવું છે નંદ તણે દરબાર રે
નંદજીના ભાગ્ય તણો નહીં પાર રે,
        ધન્ય ધન્ય માતા જશોદા માડી રે
પુત્રના તો શ્રીમુખ નીરખો છો દહાડી રે,
        એવો તો પુત્ર જન્મીને સુખ દીધા રે
વિપ્રને તો દાન ઘણાં એક દીધાં રે,
        ત્યાં તો કોઈ તરીયા તોરણ બંધાવો રે
વ્હાલાજીને વિવેકે વધાવો રે,
એવી છે દાસ હરિ ભટ્ટની વાણી રે,
        તેને તમે હૃદિયામાં રાખોને આણી રે

## 134. nanda ghera ānanda thāy

( *Nadbrāhma* page 591 )

nanda ghera ānanda thāy, gokulamā nanda ghera ānanda thāy

avi-nāshi-e ava-tāra lidho,
mātā-nu mana hara-khāy................ 1
shrā-vana vada madhya āthama-ni rāte,
manda manda vāyu laherāy............... 2
nanda-nā lāla-ne motide vadhāvyā,
jhala-hala ārati thāy......................... 3
gāndāne ghela govāliyā-o,
nāche kude ne gāy............................ 4
shana-gāra saji gopi-o āve,
la-ii-ne pujā-no thāl.......................... 5
kanku kesara-nā sathiyā purāyā,
ghera ghera torana bandhāy........... 6
gāyo nāche govāliyā nāche,
gorasa-nā chhāntana thāy............... 7
hirā māneka-nā dāno apāyā,
viprone gāyo apāy............................... 8
ghode besi-ne juvā-no chālyā
ghardā-o pālakhi-māy........................ 9
chāndo suraja ne nava-lakha tārlā
darshan kari hara-khāy....................... 10
sanakā-dika brahmā nārada shankara,
svarga-mā pula-kita thāy.................... 11
shiva-rāma kahe chhe dharma prasārva,
prabhu-no ava-tāra thāy..................... 12

## ૧૩૪. નંદ ઘેર આનંદ થાય

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૯૧)

નંદ ઘેર આનંદ થાય, ગોકુળમાં નંદ ઘેર આનંદ થાય

અવિનાશીએ અવતાર લીધો,
માતાનું મન હરખાય...... ગોકુળમાં નંદ ઘેર૦ ૧
શ્રાવણ વદ મધ્યઆઠમની રાતે,
મંદ મંદ વાયુ લ્હેરાય...... ગોકુળમાં નંદ ઘેર૦ ૨
નંદના લાલને મોતીડે વધાવ્યા,
ઝળહળ આરતી થાય..... ગોકુળમાં નંદ ઘેર૦ ૩
ગાંડા ને ઘેલા ગોવાળિયાઓ,
નાચે કૂદે ને ગાય........ ગોકુળમાં નંદ ઘેર૦ ૪
શણગાર સજી ગોપીઓ આવે,
લઈને પૂજાનો થાળ....... ગોકુળમાં નંદ ઘેર૦ ૫
કંકુ કેસરના સાથિયા પુરાયા,
ઘેર ઘેર તોરણ બંધાય..... ગોકુળમાં નંદ ઘેર૦ ૬
ગાયો નાચે ગોવાળિયા નાચે,
ગોરસના છાંટણા થાય...... ગોકુળમાં નંદ ઘેર૦ ૭
હીરા માણેકના દાનો અપાયાં,
વિપ્રોને ગાયો અપાય...... ગોકુળમાં નંદ ઘેર૦ ૮
ઘોડે બેસીને જુવાનો ચાલ્યા,
ઘરડાંઓ પાલખીમાંય..... ગોકુળમાં નંદ ઘેર૦ ૯
ચાંદો સૂરજ ને નવલખ તારલાં,
દર્શન કરી હરખાય....... ગોકુળમાં નંદ ઘેર૦ ૧૦
સનકાદિક બ્રહ્મા નારદ શંકર,
સ્વર્ગમાં પુલકિત થાય..... ગોકુળમાં નંદ ઘેર૦ ૧૧
શિવરામ કહે છે ધર્મ પ્રસારવા,
પ્રભુનો અવતાર થાય...... ગોકુળમાં નંદ ઘેર૦ ૧૨

## 135. sonalā keru re sundara pāranu

rāga: mevādo (*Nādbrahma pada* 623, page 331 )

sonalā keru re sundara pāranu, motide parovyā dora
hiralā keru re jadyā hansalā, māneka jadyā mora ........................... sonalā

brahma nātha re podhyā pārane, podhyā hari pāranā mojhāra
hari ne hula-rāve re mātā jashu-mati, harshe hāleru gāya .................. 1

dhanya dhanya re mātā jashu-mati, dhanya dhanya nandaji tāta
dhanya dhanya re vrajani sundari, dhanya dhanya vrajano vāsa ........... 2

kona kona punya re putra hamo ācharyā, viprane didhā re dāna
pāvana kidho re vansha hamāro, bala jāye mādhava-dāsa nidhāna ....... 3

## 136. ānanda vādhyo ati-ghano

rāga: mālav godi ( *Nādbrahma pada* 624, page 332 )

ānanda vādhyo ati-ghano, harshyā suranara loka re
jādava-kulamā jādava jāyo, mātā-no talyo shoka re ...................... ānanda

vasudeva mana-me vishmaya pāmyā, kārana kuvarako āyo re
dukha nivārana sankata tārana, gokula-me padha-rāvyo re ............ 1

gagana thaki bāje dudumbhi, pushpa-vrushti tahā thāya re
nara-sai-yāno swāmi jashodāne khole, vasudeva meli jāya re ............ 2

## ૧૩૫. સોનલા કેરૂં રે સુંદર પારણું

**પાલણું**

રાગ - મેવાડો (નાદબ્રહ્મ પદ-૬૨૩, પૃષ્ઠ-૩૩૧)

સોનલા કેરૂં રે સુંદર પારણું, મોતીડે પરોવ્યા દોર;
હીરલા કેરૂં રે જડયા હંસલા, માણેક જડયા મોર........... ટેક

બ્રહ્મ નાથ રે હો પોઢયા પારણે, પોઢયા હરિ પારણા મોઝાર;
હરિ હુલરાવે રે માતા જશુમતિ, હર્ષે હાલેરૂં ગાય.......... ૧

ધન્ય ધન્ય રે માતા જશુમતિ, ધન્ય ધન્ય નંદજી તાત;
ધન્ય ધન્ય રે વ્રજની સુંદરી, ધન્ય ધન્ય વ્રજનો વાસ...... ૨

કોણ કોણ પુણ્ય રે પુત્ર હમો આચર્યા, વિપ્રને દીધાં રે દાન;
પાવન કીધો રે વંશ હમારો, બલ જાયે માધવદાસ નિધાન... ૩

## ૧૩૬. આનંદ વાધ્યો અતિઘણો

રાગ - માલવ ગોડી (નાદબ્રહ્મ પદ-૬૨૪, પૃષ્ઠ-૩૩૨)

આનંદ વાધ્યો અતિઘણો, હર્ષ્યાં સુરનર લોક રે;
જાદવકુલમાં જાદવ જાયો, માતાનો ટળ્યો શોક રે........... ટેક

વસુદેવ મનમેં વિશ્મય પામ્યા, કારણ કુંવરકો આયો રે;
દુઃખ નિવારણ સંકટ તારણ, ગોકુલમેં પધરાવ્યો રે......... ૧

ગગન થકી બાજે દુદુંભિ, પુષ્પવૃષ્ટિ તહાં થાય રે;
નરસૈંયાનો સ્વામી જશોદાને ખોળે, વસુદેવ મેલી જાય રે... ૨

**panthidā-ni sākhi** ( *Nādbrahma page* 393 )

hinde van van shodhati, shree vrundāvan mojhār
vādi vele sarve joyuň, have ju-e sarovar pāl ............ 1
garva jāni gori tano, hari bhaye antardhyān
edhāni joti panthani, nayane chhutyāň jharan ......... 2

## 137. pantha nihālati re ho, joti pritama-nā pagalā

rāga: panthido ( *Nādbrahma pada* 697, page 394 )

pantha nihālati re ho, joti pritama-nā pagalā
madhya nishā-e gheli re ho, bharati lathadatā dagalā ............ pantha

cha-u-dishi nihālati re ho, jāne vana-charati harani
sudha budha visari re ho, prabhu mārā te tāri karani ................. 1

shyāmā sa-u tole mali re ho, hinde māragado joti
nayane nira jhare re ho, chaturā chirathi lahoti .......................... 2

shyāmā sa-u tole mali re ho, manamā kidho eka vichār
chālo sakhi tyā ja-ii-e re ho, jyāň kaň-ii ramatā nanda-kumār ..... 3

jotā sa-u tyāň gayā re ho, jyā chhe jala yamunā nir
ahi hari besatā re ho, jamatā karmalado ne kshira ....................... 4

vahālo vagādato vāňsadi re ho, gopi gāti sarve git
te kema visaru re ho, prabhu mārā purva janma-ni prita ............ 5

.
.
.

puchhuň pelā drum-ne re ho, kaho mane nāgar keri bhāl
vanitā vala vale re ho, malavā ātura shree gopāl............................ 9

tāruni tole mali re ho, karavā lāgi kantha rudan
vraha-devnā swāmi malo re ho, dyo-ne dhyāne ā-lingan ................. 10

**પંથીડાની સાખી** (નાદબ્રહ્મ પૃષ્ઠ-૩૯૩)
હીંડે વન વન શોધતી, શ્રી વૃંદાવન મોઝાર;
વાડી વેલે સર્વે જોયું, હવે જુએ સરોવર પાળ.... ૧
ગર્વ જાણી ગોરી તણો, હરિ ભયે અંતર્ધ્યાન;
એધાણી જોતી પંથની, નયણે છુટયાં ઝરણ...... ૨

## ૧૩૭. પંથ નિહાળતી રે હો

રાગ - પંથીડો (નાદબ્રહ્મ પદ-૬૯૭, પૃષ્ઠ-૩૯૪)

પંથ નિહાળતી રે હો, જોતી પ્રીતમના પગલાં;
મધ્ય નિશાએ ઘેલી રે હો, ભરતી લથડતા ડગલાં....... ટેક

ચૌદિશી નિહાળતી રે હો, જાણે વનચરતી હરણી રે હો;
સુધ બુધ વિસરી રે હો, પ્રભુ મારા તે તારી કરણી રે.... ૧

શ્યામા સૌ ટોળે મળી રે હો, હીંડે મારગડો જોતી રે;
નયણે નીર ઝરે રે હો, ચતુરા ચીરથી લ્હોતી રે......... ૨

શ્યામા સૌ ટોળે મળી રે હો, મનમાં કીધો એક વિચાર રે;
ચાલો સખી ત્યાં જઈએ હો, જ્યાં કંઈ રમતા નંદકુમાર રે.. ૩

જોતા સૌ ત્યાં ગયા રે હો, જ્યાં છે જલ યમુના નીર;
અહીં હરિ બેસતા રે હો, જમતાં કર્મલડો ને ક્ષીર....... ૪

વ્હાલો વગાડતો વાંસડી રે હો, ગોપી ગાતી સર્વે ગીત રે;
તે કેમ વિસરૂં રે હો, પ્રભુ મારા પૂર્વ જન્મની પ્રીત રે.... ૫

:
:
:

પૂછું પેલા દ્રુમને રે હો, કહો મને નાગર કેરી ભાળ રે;
વનિતા વલ વલે રે હો, મળવા આતુર શ્રી ગોપાલ રે ... ૯

તારુણી ટોળે મળી રે હો, કરવા લાગી કંઠ રુદન રે;
વ્રહદેવના સ્વામી મળો રે હો, દ્યો ને ધ્યાને આલિંગન રે.... ૧૦

## 138. māri sheri-e āvo shyāmali-ā

rāga: garbi ( *Nādbrahma pada* 719, page 409 )

māri sheri-e āvo shyāmali-ā
vātali-e verāvu fula pritama pātali-ā .................. māri sheri-e

meň jugame joyu shyāmali-ā
nahi āve tamāri tola pritama pātali-ā ........................ 1

dhana dhana devakinā shyāmali-ā
jāne janamyā ne akal svarupa pretama pātali-ā ....... 2

tāru mukhadu sundara shāmali-ā
jāne sharada punamano chandra pritama pātali-ā ... 3

raghu-nātha-nā swāmi shyāmali-ā
vahālo dukhadā kero jāna pritama pātali-ā ............. 4

## ૧૩૮. મારી શેરીએ આવો શ્યામળિઆ

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૭૧૯, પૃષ્ઠ-૪૦૯)

મારી શેરીએ આવો શ્યામળિઆ;
વાટલીએ વેરાવું ફૂલ પ્રીતમ પાતલિઆ........ ટેક

મેં જુગમેં જોયું શ્યામળિઆ;
નહિ આવે તમારી તોલ પ્રીતમ પાતલિઆ..... ૧

ધન ધન દેવકીના શ્યામળિઆ;
જાણે જનમ્યા ને અકલ સ્વરૂપ પ્રીતમ પાતલિઆ.. ૨

તારું મુખડું સુંદર શામળિઆ;
જાણે શરદ પુનમનો ચંદ્ર પ્રીતમ પાતલિઆ...... ૩

રઘુનાથના સ્વામી શ્યામળિઆ;
વ્હાલો દુઃખડા કેરો જાણ પ્રીતમ પાતલિઆ....... ૪

## 139. ji re pagarane vahelā padhārajo

rāga: dhol (*Nādbrahma pada* 756, page 490 )

ji re paga-rane vahelā padhārajo
sadhārajo re sadhārajo sevak-nā kām ............................. paga-rane

ji re tamo vinā sarve shobhe nahi
ghanuň lobhe re ghanuň malavā man ................................. 1

ji re vahālāni jo-uň chhuň vātadi
pāvana karajo re pāvana karajo amārā dhām .................. 2

ji re abalā-ni āshā purajo
ghanuň shuň kahi-e ghanuň shuň kahi-e prānā-dhārā ...... 3

ji re rāma krishna prabhu-jana raňka-ne
vahālā purajo re vahālā purajo janamani āsh ..................... 4

## 140. gaňgā jamanā-nā nira maňgāvo

rāga: dhol ( *Nādbrahma pada* 761, page 492 )

gangā jamanā-nā nira maňgāvo, vara vana-māli-ne ugha-lāvo
kesari-ā vāgā ne sole shana-gāro, to vara-ghode vara shobhato re ........... 0

pāghadi-e sonā sera ban-dhāvo, fumata-dā lata-ke lata-kāvo
bandhu-vara-ne khumpa dho-lāvo, to vara-ghode vara shobhato re ........... 1

shree-fala fofala lidhā chhe hātha, moda bāndhi jashodā māta
vāmana divado grahyo chhe hātha, to vara-ghode vara shobhato re ........ 2

gokula-mā sahu jovā-ne maliyā, rupa dekhi sahu-nu chit-ta-du chadhayu
vallabha-nu mana ānanda-mā malyu, to vara-ghode vara shobhato re ....... 3

## ૧૩૯. જી રે પગરણે વ્હેલા પધારજો

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૫૬, પૃષ્ઠ-૪૯૦)

જી રે પગરણે વ્હેલા પધારજો;
સધારજો રે સધારજો સેવકના કામ.......... ટેક

જી રે તમો વિના સર્વે શોભે નહિ;
ઘણું લોભે રે ઘણું લોભે મળવા મન......... ૧

જી રે વ્હાલાની જોઉં છું વાટડી;
પાવન કરજો રે પાવન કરજો અમારા ધામ..... ૨

જી રે અબલાની આશા પૂરજો;
ઘણું શું કહીએ રે ઘણું શું કહીએ પ્રાણાધારા.... ૩

જી રે રામ કૃષ્ણ પ્રભુજન રંકને;
વ્હાલા પૂરજો રે વ્હાલા પૂરજો જનમની આશ.... ૪

## ૧૪૦. ગંગા જમનાના નીર મંગાવો

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૧, પૃષ્ઠ-૪૯૨)

ગંગા જમનાના નીર મંગાવો, વર વનમાલીને ઉઘલાવો;
કેસરીઆં વાગા ને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે.. ટેક

પાઘડીએ સોના સેર બંધાવો, ફૂમતડાં લટકે લટકાવો;
બંધુવર ને ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે......... ૧

શ્રીફલ ફોફળ લીધાં છે હાથ, મોડ બાંધી જશોદા માત;
વામન દીવડો ગ્રહ્યો છે હાથ, તો વરઘોડે વર શોભતો રે...... ૨

ગોકુલમાં સહુ જોવાને મળ્યા, રૂપ દેખી સહુનું ચિત્તડું ચઢયું;
વલ્લભનું મન આનંદમાં મળ્યું, તો વરઘોડે વર શોભતો રે...... ૩

## 141. govinda-ji parane nanda-ji para-nāve

rāga: dhol ( *Nādbrahma pada* 762, page 492 )

govinda-ji parane nanda-ji para-nāve, te re divasa sakhi kyāre āve
sānji deva tyā āni bolāve, to chāre mangala gā-ii-shu re .................... 0

jashodā-ji āpana-ne bolāve, kholā-mā kaň-ii na-u-tama lāve
navu navu kari-ne gava-dāve, to chāre mangala gā-ii-shu re .................. 1

vara vana-māli āvine āvine ju-e, sāmbhalatā sa-u dukhadā khu-e
te same māvadi gāvadi duhe, to chāre mangala gā-ii-shu re .................. 2

āvine tyāň kahāna-ni pāse, mātā-nu mana rudu re thāshe
nirakhi svarupa rasika sohāse, to chāre mangala gā-ii-shu re ................ 3

vara-ghode vara jyāre chadhashe, vrajameň sa-u ko-ii-ni dashti-e padashe
val-labha-nu mana tyā galashe, to chāre mangala ga-ii-shuň re ............ 4

## 142. rādhāji re ghanu harakhya chhe mana

rāga: dhol ( *Nādbrahma pada* 763, page 493 )

rādhāji re ghanu harakhyā chhe mana, āja amāro ava-tāra dhanya
pragatyu chhe purva-janamanu punya, to purana brahma-ne parani-e re ... 0

māra re manamā hati eka vāta, te tame jāni jadu-nātha
janamo janama tamāri sātha, to purana brahma-ne parani-e re ..................... 1

ant-riksha-thi re bahu vājā re vāge, jāne gagana-mā mehuli-o re gāje
devatā āvyā vadhāv-vāne kāje, to purana brahma-ne parani-e re ................. 2

sa-u sājana mali bethā chhe tole, nanda jashodā-e lidhā chhe khole
vallabha ubhā ubhā vāva ja dhole, to purana brahma-ne parani-e re ............ 3

## ૧૪૧. ગોવિંદજી પરણે નંદજી પરણાવે

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૨, પૃષ્ઠ-૪૯૨)

ગોવિંદજી પરણે નંદજી પરણાવે, તે રે દિવસ સખી ક્યારે આવે;
સાંજી દેવ ત્યાં આણી બોલાવે, તો ચારે મંગલ ગાઈશું રે........ ટેક

જશોદાજી આપણને બોલાવે, ખોળામાં કંઈ નૌતમ લાવે;
નવું નવું કરીને ગવડાવે, તો ચારે મંગલ ગાઈશું રે............. ૧

વર વનમાલી આવીને આવીને જુએ, સાંભળતા સૌ દુઃખડાં ખુએ;
તે સમે માવડી ગાવડી દુહે, તો ચારે મંગલ ગાઈશું રે.......... ૨

આવીને ત્યાં કહાનની પાસે, માતાનું મન રૂડું રે થાશે;
નિરખી સ્વરૂપ રસિક સોહાસે, તો ચારે મંગલ ગાઈશું રે....... ૩

વરઘોડે વર જ્યારે ચઢશે, વ્રજમેં સૌ કોઈની દષ્ટિએ પડશે;
વલ્લભનું મન ત્યાં ગળશે, તો ચારે મંગલ ગાઈશું રે............. ૪

## ૧૪૨. રાધાજી રે ઘણું હરખ્યાં છે મન

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૩, પૃષ્ઠ-૪૯૩)

રાધાજી રે ઘણું હરખ્યાં છે મન, આજ અમારો અવતાર ધન્ય;
પ્રગટયું છે પૂર્વજન્મનું પુન્ય, તો પુરણ બ્રહ્મને પરણીએ રે.......... ટેક

મારા રે મનમાં હતી એક વાત, તે તમે જાણી જદુનાથ;
જનમો જનમ તમારી સાથ, તો પુરણ બ્રહ્મને પરણીએ રે.......... ૧

અંતરીક્ષથી રે બહુ વાજાં રે વાગે, જાણે ગગનમાં મેહુલિઓ રે ગાજે;
દેવતા આવ્યા વધાવવાને કાજે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે...... ૨

સૌ સાજન મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધાં છે ખોળે;
વલ્લભ ઊભાં વાવ જ ઢોળે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે.......... ૩

## 143. gokula-māñ eka nanda-ji-nu dhāma

rāga: dhol ( *Nādbrahma pada* 767, page 495 )

gokula-māñ eka nanda-ji-nu dhāma, tyāñ-thi pragatyā shree sundira shyāma
karavā sevaka jananā kāma, to dhanya jashodā māvadi re ............................... 0

andhāri ā-thama aja-vāli, te dina pragatyā shree vana-māli
mangla gā-e sa-u vraja-ni nāri, to dhanya jashodā māvadi re .......................... 1

tariyā torana bāndhyā chhe dhvāra, sāthiyā shobhā-tano nahi pāra
dadhi chhānte sa-u nara-ne nāra, to dhanya jashodā māvadi re ........................ 2

veda kahe chhe purana brahma, jāne nahi ko-ii eno marma
shān shān nande kidhā shubha karma, to dhanya jashodā māvadi re .............. 3

vraja-meñ nyāla kidhā te kahi-e, enā bhāgya-no pāra na la-ii-e
rudaya-mā rakhyā nandane chhai-ye, to dhanya jashodā māvadi re ................ 4

bhajani bhupa nita bahu jāge, bhakti krishna vinā sahu tyāge
vraja-bhumi ati sundara lāge, to dhanya jashodā māvadi re .............................. 5

jāchaka āvi janama jasha gā-e, nanda vadhāvi-ne nyāla ja thāya
enā āpya mukha-thi nā kahevā-e, to dhanya jashodā māvadi re ......................... 6

dudumbhi deva-tanā bahu vāge, pashu pañkhi pāva-li-e lāge
bhakti bhāva sadā mukha māge, to dhanya jashodā māvadi re ........................ 7

dina punthe dina harsha-mā jāya, vraja-mā bāla lilā nitya thāya
val-labha veda purāne gavāya, to dhanya jashodā māvadi re ............................ 8

## ૧૪૩. ગોકુલમાં એક નંદજીનુ ધામ

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૭, પૃષ્ઠ-૪૯૫)

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાંથી પ્રગટયા શ્રી સુંદીર શ્યામ;
કરવા સેવક જનના કામ, તો ધન્ય જશોદા માવડી રે............ ટેક

અંધારી આઠમ અજવાળી, તે દિન પ્રગટયા શ્રી વનમાલી;
મંગલ ગાએ સૌ વ્રજની નારી, તો ધન્ય જશોદા માવડી રે........ ૧

તરીયાં તોરણ બાંધ્યા છે દ્વાર, સાથિયા શોભાતણો નહિ પાર;
દધી છાંટે સૌ નરને નાર, તો ધન્ય જશોદા માવડી રે............ ૨

વેદ કહે છે પુરણ બ્રહ્મ, જાણે નહિ કોઈ એનો મર્મ;
શાં શાં નંદે કીધાં શુભ કર્મ, તો ધન્ય જશોદા માવડી રે......... ૩

વ્રજમેં ન્યાલ કીધાં તે કહીએ, એના ભાગ્યનો પાર ન લઈએ;
હૃદયમાં રાખ્યા નંદને છૈયે, તો ધન્ય જશોદા માવડી રે........... ૪

ભજની ભૂપ નિત બહુ જાગે, ભક્તિ કૃષ્ણ વિના સહુ ત્યાગે;
વ્રજભૂમિ અતિ સુંદર લાગે, તો ધન્ય જશોદા માવડી રે.......... ૫

જાચક આવી જનમ જશ ગાએ, નંદ વધાવીને ન્યાલ જ થાય;
એના આપ્યાં મુખથી ના કહેવાએ, તો ધન્ય જશોદા માવડી રે..... ૬

દુદુંભિ દેવતણાં બહુ વાગે, પશુ પંખી પાવલીએ લાગે;
ભક્તિ ભાવ સદા મુખ માગે, તો ધન્ય જશોદા માવડી રે........ ૭

દિન પુંઠે દિન હર્ષમાં જાય, વ્રજમાં બાલ લીલા નિત્ય થાય;
વલ્લભ વેદ પુરાણે ગવાય, તો ધન્ય જશોદા માવડી રે........... ૮

## 144. guru charane kara-jodi lāguň

rāga: dhol ( *Nādbrahma pada* 770, page 498 )

guru charane kara-jodi lāguň, sadā prabhu-jini bhakti māňgu
hari guna gā-ii ānanda shu jāgu, to sāmbhala swāmi karu vinanti re ............. 0

bhakti māraga bhudhara kā-ii nava leti, dukha ne sukha sharire saheti
sadā prabhu-jinā visha-vāse raheti, to sāmbhala swāmi karu vinanti re .......... 1

durbala jāni prabhu dayā kije, charana kamala-ni sevā dije
hari-guna gā-ii māru mana rijhe, to sāmbhala swāmi karu vinanti re .............. 2

hu apa-rādhi ne kona māru gaju, sansāra sāgara kayi pera taju
rāmanu nāma kayi pera bhaju, to sāmbhala swāmi karu vinanti re ................. 3

rāmaji vinā kāraja kayi pera sarshe, mithadi māyā prabhu mana māru harashe
laksha chorāshi-no fero padashe, to sāmbhala swāmi karu vinanti re ............ 4

kāya-vādi-no kona rakhe-vāla, sevaka jāni prabhu sanmukha bhāla
laksha chorāshi-no fero tālo, to sāmbhala swāmi karu vinanti re .................... 5

juga-jivana tame devaki-nā jāyā, ko-ii na jāne prabhu tamāri māyā
nanda-jinā suta gokula-mā kahe-vāyā, to sāmbhala swāmi karu vinanti re ...... 6

.
.
.

bhakta kārane dasha avatara dharyā, vāman rupe bali-rājā-ne yāchyā;
la-ii bhumi-dān paga pitha para dharyā, to sāmbhala swāmi karu vinanti re ..... 15

araja amāri sunajo swāmi, hu pāmara prabhu tamane pāmi
dāsa vallabh kahe shisha nāmi, to sāmbhala swāmi karu vinanti re ..................... 16

## ૧૪૪. ગુરૂ ચરણે કરજોડી લાગું

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૦, પૃષ્ઠ-૪૯૮)

ગુરૂ ચરણે કરજોડી લાગું, સદા પ્રભુજીની ભક્તિ માંગુ;
હરિ ગુણ ગાઈ આનંદ શું જાગું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.. ટેક

ભક્તિ મારગ ભૂધર કાંઈ નવ લેતી, દુઃખ ને સુખ શરીરે સહેતી;
સદા પ્રભુજીના વિશ્વાસે રહેતી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.. ૧

દુર્બલ જાણી પ્રભુ દયા કીજે, ચરણ કમલની સેવા દીજે;
હરિગુણ ગાઈ મારું મન રીઝે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.. ૨

હું અપરાધી ને કોણ મારું ગજું, સંસાર સાગર કયી પેર તજું;
રામનું નામ કયી પેર ભજું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.... ૩

રામજી વિના કારજ કયી પેર સરશે, મીઠડી માયા પ્રભુ મન મારું હરશે;
લક્ષ ચોરાશીનો ફેરો પડશે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે...... ૪

કાયાવાડીનો કોણ રખેવાળ, સેવક જાણી પ્રભુ સન્મુખ ભાળ;
લક્ષ ચોરાશીનો ફેરો ટાળો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.... ૫

જુગજીવન તમે દેવકીના જાયા, કોઈ ન જાણે પ્રભુ તમારી માયા;
નંદજીના સુત ગોકુલમાં કહેવાયા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.. ૬

.

.

.

ભક્ત કારણે દશ અવતાર ધર્યા, વામન રૂપે બલિરાજાને યાચ્યા
લઈ ભૂમિદાન પગ પીઠ પર ધર્યા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.. ૧૫

અરજ અમારી સુણજો સ્વામી, હું પામર પ્રભુ તમને પામી;
દાસ વલ્લભ કહે શિશ નામી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.. ૧૬

## 145. prabhu-ji vinā māre palaka nā chāle

rāga: dhol ( *Nādbrahma pada* 771, page 499 )

prabhu-ji vinā māre palaka nā chāle, vena-ni vāta vadhāri māre vahāle
dhanya vidhātā e vara māngu, to balavanta māňgu bāňyadi re .......................... 0

sāmbhala mā mā e vara rudo, jeni dashti-e sansār chhe rudo
nāno chhe to parā-krame puro, to rudo avi-chala chāndalo re .......................... 1

mohani māri nira-mukha joti, hu faru ranga rasiyo joti
e vara najare na āve bijo ko-ii, to huň mohi gokula kahāna-ne re ....................... 2

joshidā tedāvi-ne josha jova-dāvo, ghadi-yāla lagana leva-dāvo
vāta viveki ene vadhāvo, to kahāvo jashodā nandane re ...................................... 3

dholidā tedā-vine dhola gava-dāvo, nava-rangi choli chita-rāvo
chokelā khupa-ne khanta-thi lakhāvo, to dharāvo muja hari-ne kāra-ne re ...... 4

mārā pitāji-ne laksha tamāru, ju-o ba-ii bhāgya purashe tamāru
pahon-chata pahon-che koda amāro, to rana-chhoda bolyā kara-gari re ........... 5

## ૧૪૫. પ્રભુજી વિના મારે પલક ના ચાલે

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૧, પૃષ્ઠ-૪૯૯)

પ્રભુજી વિના મારે પલક ના ચાલે, વેણની વાત વધારી મારે વ્હાલે;
ધન્ય વિધાતા એ વર માંગુ, તો બલવંત માંગું બાં'યડી રે...... ટેક

સાંભળ મા મા એ વર રૂડો, જેની દષ્ટિ એ સંસાર છે રૂડો;
નાનો છે તો પરાક્રમે પૂરો, તો રૂડો અવિચલ ચાંદલો રે...... ૧

મોહની મારી નિર્મુખ જોતી, હું ફરૂં રંગ રસિયો જોતી;
એ વર નજરે ન આવે બીજો કોઈ, તો હું મોહી ગોકુલ કહાનને રે. ૨

જોષીડા તેડાવીને જોષ જોવડાવો, ઘડિયાલાં લગન લેવડાવો;
વાત વિવેકી એને વધાવો, તો કહાવો જશોદા નંદને રે..... ૩

ધોળીડાં તેડાવીને ધોળ ગવડાવો, નવરંગી ચોળી ચિતરાવો;
ચોંકેલાં ખૂપને ખંતથી લખાવો, તો ધરાવો મુજ હરિને કારણે રે.. ૪

મારા પિતાજીને લક્ષ તમારૂં, જુઓ બાઈ ભાગ્ય પૂરશે તમારૂં;
પહોંચતા પહોંચે કોડ અમારો, તો રણછોડ બોલ્યા કરગરી રે.... ૫

## 146. hete hari bhaji lejo-ni prani

rāga: dhol ( *Nādbrahma pada* 772, page 500 )

hete hari bhaji lejo-ni prāni, avasara āvyo rudo jāni
mati jāshe māyā-ni ghāni, to joni vichāri prāni-ā re ............................. 0

māyā-nu sukha chhe thālu thothā, sanga kari-ne khavadāve gothā
hari-guru santa-nu jhāla-ni o-thu, to anta same ugārashe re ................. 1

ugāra-vāno e re o-vāro, safala fero thāshe tamāro
ava-sara āvyo ati sāro, to rāma nirantara sevi-e re ................................ 2

rāme ananta koti lidhā ugāri, patita pāvana chho gira-dhāri
ajā-mila gaja gunakā tāri, to tārana tārana shree-hari re ....................... 3

shu re betho jiva rāma visāri, anta same shi gata thāshe tāri
hari-dāsa hai-yā-mā lejo-ni dhāri, to dohyalā dāsa-ne jāni-ne re .......... 4

## 147. tuň to rāma ratana kara raňga-māň

rāga: dhol ( *Nādbrahma pada* 781, page 504 )

tuň to rāma ratana kara raňga-māň, tāru jāya chhe juvāni-nu jor
.. avasara āvo nahi male
jire kācho kumbha jale bharyo, tene futatā nahi lāge vār ................... 1
jire kāchā sutara-no tāňtano, tene tutatā nahi lāge vār ...................... 2
jire vādi khili-ne fulyo mogaro, tene karmātā nahi lāge vār ................. 3
jire bājigare bāji rachi, ene sametatā nahi lāge vār ............................ 4
jire pāncha-tatva-nu putalu, māňhi bolana hāro rām .......................... 5
jire gagana mandala-mā chori rachi, tyāň parane chhe ātamā-rām .... 6
jire dāsa pritama-ni vinanti, amne malyā chhe sata-guru shyām ......... 7

## ૧૪૬. હેતે હરિ ભજી લેજોની પ્રાણી

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૨, પૃષ્ઠ-૫૦૦)

હેતે હરિ ભજી લેજોની પ્રાણી, અવસર આવ્યો રૂડો જાણી;
મટી જાશે માયાની ધાણી, તો જોની વિચારી પ્રાણીઆ રે... ટેક

માયાનું સુખ છે ઠાલું થોથાં, સંગ કરીને ખવડાવે ગોથાં;
હરિગુરૂ સંતનું ઝાલની ઓથું, તો અંત સમે ઉગારશે રે..... ૧

ઉગારવાનો એ રે ઓવારો, સફલ ફેરો થાશે તમારો;
અવસર આવ્યો અતિ સારો, તો રામ નિરંતર સેવીએ રે..... ૨

રામે અનંત કોટિ લીધાં ઉગારી, પતિત પાવન છો ગિરધારી;
અજામિલ ગજ ગુણકા તારી, તો તારણ તારણ શ્રીહરિ રે...... ૩

શું રે બેઠો જીવ રામ વિસારી, અંત સમે શી ગત થાશે તારી;
હરિદાસ હૈયામાં લેજોની ધારી, તો દોહ્યલાં દાસને જાણીને રે... ૪

## ૧૪૭. તું તો રામ રટણ કર રંગમાં

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૮૧, પૃષ્ઠ-૫૦૪)

તું તો રામ રટણ કર રંગમાં, તારું જાય છે જુવાનીનું જોર
અવસર આવો નહિ મળે..... ટેક
જીરે કાચો કુંભ જલે ભર્યો, તેને ફૂટતાં નહિ લાગે વાર.......... ૧
જીરે કાચા સુતરનો તાંતણો, તેને તૂટતાં નહિ લાગે વાર........ ૨
જીરે વાડી ખીલીને ફૂલ્યો મોગરો, તેને કરમાતાં નહિ લાગે વાર.. ૩
જીરે બાજીગરે બાજી રચી, એને સમેટતાં નહિ લાગે વાર........૪
જીરે પાંચતત્વનું પૂતળું, માંહી બોલન હારો રામ...............૫
જીરે ગગન મંડલમાં ચોરી રચી, ત્યાં પરણે છે આત્મારામ.......૬
જીરે દાસ પ્રીતમની વિનંતિ, અમને મળ્યા છે સતગુરૂ શ્યામ... ૭

## 148. jā sata-guru-ne sharane re

rāga: mangal ( *Nādbrahma pada* 783, page 505 )

jā sata-guru-ne sharane re, shaňshaya sahu harashe
jiva dashā-ne tāli re, hari sarakho karashe ......................... 0

ugra dashā anu-bhavi-ni re, chhe samajana moti
mana kanchana-ne kasavā re, guru gnāna kasoti .................. 1

homa hema loha kare re, jene pārasa sparashe
thāya mahā muktā-fala re, jala svānti varashe .................... 2

chhipa rahe sāgara-mā re, māhe moti nipaje
gnāna minane sparashe re, tenu rutu upaje ......................... 3

santa sange nara samaje re, teni dugadhā talashe
pritama-ne prāni-nu re, sahu kāraja sarashe ....................... 4

## 149. akhanda sāheba-jiko nāma

rāga: mangal ( *Nādbrahma pada* 797, page 511 )

akhanda sāheba-ji-ko nāma, a-u-ra saba khanda hai
sādhu khandita mera sumera, khandita brahmānda hai ...... 0

sthira na rahe dhira dhyāna, jivana-ko dhundha hai
sādhu laksha re chorāshi jiva, padyā jama fanda hai .......... 1

chanchala mana sthira rākha, jaba bhale ranga hai
una santana-ke sanga, sadā ānanda hai .............................. 2

jinase sāheba-jise heta, so-ii nira-bandha hai
ulata nikata bhara piyu, to amruta ganga hai ...................... 3

dayā bhāva chit-ta rākha, bhakti-ko anga hai
kahe kabir chit-ta cheta, jagata patanga hai ....................... 4

## ૧૪૮. જા સતગુરુને શરણે રે

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૮૩, પૃષ્ઠ-૫૦૫)

જા સતગુરુને શરણે રે, શંશય સહુ હરશે;
જીવ દશાને ટાળી રે, હરિ સરખો કરશે........ ટેક

ઉગ્ર દશા અનુભવીની રે, છે સમજણ મોટી;
મન કંચનને કસવા રે ,ગુરુ જ્ઞાન કસોટી....... ૧

હોમ હેમ લોહ કરે રે, જેને પારસ સ્પર્શે;
થાય મહા મુક્તાફલ રે, જલ સ્વાંતિ વર્ષે........ ૨

છીપ રહે સાગરમાં રે,માંહે મોતી નીપજે;
જ્ઞાન મીનને સ્પર્શે રે, તેનું ઋતુ ઉપજે......... ૩

સંત સંગે નર સમજે રે, તેની દુગ્ધા ટળશે;
પ્રીતમને પ્રાણીનું રે, સહુ કારજ સરશે........ ૪

## ૧૪૯. અખંડ સાહેબજીકો નામ

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૯૭, પૃષ્ઠ-૫૧૧)

અખંડ સાહેબજીકો નામ, ઔર સબ ખંડ હૈ;
સાધુ ખંડિત મેર સુમેર, ખંડિત બ્રહ્માંડ હૈ...... ટેક

સ્થિર ન રહે ધીર ધ્યાન, જીવનકો ધુંધ હૈ;
સાધુ લક્ષ રે ચોરાશી જીવ, પડયા જમ ફંદ હૈ.... ૧

ચંચલ મન સ્થિર રાખ, જબ ભલે રંગ હૈ;
ઉન સંતનકે સંગ, સદા આનંદ હૈ............ ૨

જીનસે સાહેબજીસે હેત, સોઈ નિર્બંધ હૈ;
ઉલટ નિકટ ભર પિયુ, તો અમૃત ગંગ હૈ....... ૩

દયા ભાવ ચિત્ત રાખ, ભક્તિકો અંગ હૈ;
કહે કબીર ચિત્ત ચેત, જગત પતંગ હૈ.......... ૪

## 150. manashā dehi pā-ii

rāga: mangal ( *Nādbrahma pada* 798, page 511 )

manashā dehi pā-ii, rāma guna gā-ii-e
surati akana kunvāri, hansā-ko bahā-ii-e .......................... 0

sata-guru vipra bolāya, lagna lakhā-ii-e
vege kari lo vivāha, dhila mata lā-ii-e .............................. 1

pāncha pach-chisha shu nāra, mangala gā-ii-e
laksha chorāshi-no fero, bahora nahi ā-ii-e .................... 2

surata nurata do-u bethe, hathe-vāro jodi-e
jama shu jiva ugāra, tanakhā todi-e ................................ 3

hansā-e karyo vichāra, surati shu yon kahi
tuma juga juga akana kunvāri, etā dina kayo kahi ............. 4

surati-e hansā-ne kari salāma, piyu tuma sata kahi
mohe sata-guru malyā nahi, etā dina kyo rahi ............. 5

parama purusha-ki seja, akhandita khelanā
piyo re pyālā prema, adhara rahi jhilanā ......................... 6

purusha purātana lā-ii, shabda sunā-ii-e
kahe kabira bhajo rāma, parama-pada pā-ii-e ............. 7

## ૧૫૦. મનષા દેહી પાઈ

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૯૮, પૃષ્ઠ-૫૧૧)

મનષા દેહી પાઈ, રામ ગુણ ગાઈએ;
સુરતિ અકન કુંવારી, હંસાકો બહાઈએ............ ટેક

સતગુરૂ વિપ્ર બોલાય, લગ્ન લખાઈએ;
વેગે કરી લો વિવાહ, ઢીલ મત લાઈએ............ ૧

પાંચ પચ્ચીશ શું નાર, મંગલ ગાઈએ;
લક્ષ ચોરાશીનો ફેરો, બહોર નહિ આઈએ........... ૨

સુરત નુરત દોઉ બેઠે, હથેવારો જોડીએ;
જમ શું જીવ ઉગાર, તનખાં તોડીએ............... ૩

હંસાએ કર્યો વિચાર, સુરતિ શું યોં કહી;
તુમ જુગ જુગ અકન કુંવારી, એતા દિન કયોં કહી..... ૪

સુરતિએ હંસાને કરી સલામ, પિયુ તુમ સત કહી;
મોહે સતગુરૂ મળ્યા નહિ, એતા દિન કયોં રહી...... ૫

પરમ પુરુષકી સેજ, અખંડિત ખેલના;
પિયો રે પ્યાલા પ્રેમ, અધર રહી ઝીલના............ ૬

પુરુષ પુરાતન લાઈ, શબ્દ સુનાઈએ;
કહે કબીર ભજો રામ, પરમપદ પાઈએ............ ૭

## 151. jiva tuň kahāň-se āyo

rāga: mangal ( *Nādbrahma pada* 800, page 513 )

jiva tuň kahāň-se āyo, kahāň chala jāye-go
jivata kara le pahi-chāna, mu-e pas-tāye-go ............ 0

satya lokase āyo, triguna-meň samāya rahyo
bhula gayo vo desha, māyā-meň lapa-tāya rahyo ...... 1

nahi tero gāma ne thāma, nahi pura pātana
hai re batāvalu loka, nahi ko-ii āpanā .......................... 2

kahe kabir vichāra, hansā mangala gāvahi
hansa gaye sata-loka, bahora nahi āvahi ..................... 3

## 152. hari-ne bhajatā haji koi-ni lāj

rāga: mangal (*Nādbrahma pada* 803, page 514 )

hari-ne bhajatā haji ko-ii-ni lāja, jatā nathi jāni re
jeni suratā shāmaliā sātha, vade veda-vāni re ........................ 0

vahāle ugār-yo prahalāda, hiranyā-kaňsa māryo re
vibhi-shana-ne āpyu rāja, rāvana samhāryo re ........................ 1

vahāle narsiňh mahetāno hāra, hātho-hātha āpyo re
dhruva-ne āpyu avi-chala rāja, potāno kari sthāpyo re ......... 2

vahāle mirā te bā-ii-nā Jherā, halā-hala pidhā re
pānchāli-nā puryā chira, pāndava kāma kidhā re ...................... 3

vahāle amba-rishani ola-khāna, avatār dasha lidhā re
vahāle gajani kidhi sahāya, pai-dala para-haryā re .................. 4

āvo hari bhaja-vāno lahāvo, bhajan koi karashe re
kara-jodi kahe premal-dāsa, bhakto-nā dukha harashe re ...... 5

## ૧૫૧. જીવ તું કહાંસે આયો

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૦, પૃષ્ઠ-૫૧૩)

જીવ તું કહાંસે આયો, કહાં ચલ જાયેગો;
જીવ તું કર લે પહિચાન, મુએ પસ્તાયેગો.........ટેક

સત્ય લોકસે આયો, ત્રિગુણમેં સમાય રહ્યો;
ભૂલ ગયો વો દેશ, માયામેં લપટાય રહ્યો....... ૧

નહિ તેરો ગામ ને ઠામ, નહિ પુર પાટણ;
હૈ રે બટાવલું લોક, નહિ કોઈ આપણાં......... ૨

કહે કબીર વિચાર, હંસા મંગલ ગાવહી;
હંસ ગયે સતલોક, બહોર નહિ આવહી........ ૩

## ૧૫૨. હરિને ભજતાં હજી કોઈની લાજ

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૩, પૃષ્ઠ-૫૧૪)

હરિને ભજતાં હજી કોઈની લાજ, જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળિઆ સાથ, વદે વેદ વાણી રે....... ટેક

વ્હાલે ઉગાર્યો પ્રહ્લાદ, હિરણ્યાકંસ માર્યો રે;
વિભિષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે .......... ૧

વ્હાલે નરસિંહ મહેતાનો હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે... ૨

વ્હાલે મીરાં તે બાઈનાં ઝેર, હલાહલ પીધા રે;
પાંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે......... ૩

વ્હાલે અંબરીષની ઓળખાણ, અવતાર દશ લીધાં રે;
વ્હાલે ગજની કીધી સહાય, પૈદલ પરહર્યા રે........ ૪

આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશે રે;
કરજોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે...... ૫

## 153. dekho māyā-ko rupa

rāga: mangal ( *Nādbrahma pada* 802, page 514 )

dekho māyā-ko rupa, timira āge dharo
sādhu bhakti gayi bade dura, samaja kachhu nā padi ............. 0

jo vali ālasa hoya, to avaguna nā taje
sādhu koti punya karāya, to-e jiva nā tare .............................. 1

au-shada se guru hoya, bhakti-se karma kate
jamadhara bandi na hoya, to kāla kāgada fate ...................... 2

taja kāmni-se sneha, sneha-se prabhu smaro
tata pākhanda abhimāna, ke āvāgamana taje .......................... 3

kahe kabira tanka-shāla ke, tapa dashā rahe
hansa gaye satya loka, to nama ādhāra he ............................... 4

## ૧૫૩. દેખો માયાકો રુપ

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૨, પૃષ્ઠ-૫૧૪)

દેખો માયાકો રુપ, તિમિર આગે ધરો;
સાધુ ભક્તિ ગયી બડે દૂર, સમજ કછુ ના પડી...... ટેક

જો વળી આળસ હોય, તો અવગુણ ના તજે;
સાધુ કોટિ પુન્ય કરાય, તોએ જીવ ના તરે......... ૧

ઔષદ સે ગુરૂ હોય, ભક્તિસે કર્મ કટે;
જમધર બંદી ન હોય, તો કાળ કાગદ ફટે.......... ૨

તજ કામનીસે સ્નેહ, સ્નેહસે પ્રભુ સ્મરો;
તજ પાખંડ અભિમાન, કે આવાગમન તજે........ ૩

કહે કબીર ટંકશાલ કે, તપ દશા રહે;
હંસ ગયે સત્ય લોક, તો નામ આધાર હે.......... ૪

## 154. ārogo narsiňha mahā-prabhu

rāga: dhanā-shri ( *Nādbrahma pada* 274, page 141 )

ārogo narsiňh mahā-prabhu, ārogo narsinh
chhap-pana bhoga chha-trise bhojana, nānā-vidha ke raňg ......... 1

lakshmi-bhojana āpa sambhāryo, mana-meň dhāryo u-maňg
pata-vālā nārada-muni lāyo, jala-bhara lāye gaňg ........................... 2

bhāva-prita kara bhojan kije, tuma mere prāna ādhār
antara ki gata antara-yāmi, saba bidha jānana-hār ........................ 3

ārati-sāja indra la-ii āye, dura kiyo pata chir
sanaka su-nandana chamara dholāve, gāye dāsa kabir .................. 4

## 155. ārogo raghu-vira mahā-prabhu

rāga: dhanā-shri ( *Nādbrahma pada* 275, page 141 )

ārogo raghu-vira mahā-prabhu, ārogo raghu-vira
praful-lita hoye pirase januni, dholata shital samira .................. 1

kanchana-thāla jadita katorā, mevā mithā-ii aru-khir
chhap-pana bhoga chha-trise bhojana, nānā-vidha ke ranga ...... 2

rāma hi lakshmana bharata shatru-ghana, rājita chāre vir
janaka-suta zāri laii āye, saryuko nira .......................................... 3

chuvā-chandana a-u-ra agara jā, arachata shyāma sharir
ācha-mana karake bidā lije, gāve dāsa kabira ............................. 4

# થાળ નાં પદો

## ૧૫૪. આરોગો નૃસિંહ મહાપ્રભુ

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૨૭૪, પૃષ્ઠ-૧૪૧)

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગો નૃસિંહ;
છપ્પન ભોગ છત્રીસે ભોજન, નાનાવિધ કે રંગ........ ૧

લક્ષ્મીભોજન આપ સંભાર્યો, મનમેં ધાર્યો ઉમંગ;
પતવાળાં નારદમુનિ લાયો, જલભર લાયે ગંગ....... ૨

ભાવપ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આધાર;
અંતર કી ગત અંતર્યામી, સબ બિધ જાનનહાર...... ૩

આરતીસાજ ઈન્દ્ર લઈ આયે, દૂર કિયો પટ ચીર;
સનક સુનંદન ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર...... ૪

## ૧૫૫. આરોગો રઘુવીર મહાપ્રભુ

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૨૭૫, પૃષ્ઠ-૧૪૧)

આરોગો રઘુવીર મહાપ્રભુ, આરોગો રઘુવીર;
પ્રફુલ્લિત હોયે પીરસે જનુની, ઢોળત શીતલ સમીર..... ૧

કંચનથાળ જડિત કટોરા, મેવા મિઠાઈ અરુખીર;
છપ્પન ભોગ છત્રીસે ભોજન, નાનાવિધ કે રંગ....... ૨

રામ હી લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, રાજીત ચારે વીર;
જનકસુતા ઝારી લઈ આયે, સરયુકો નીર........... ૩

ચૂવાચંદન ઔર અગર જા, અર્ચત શ્યામ શરીર;
આચમન કરકે બીડાં લીજે, ગાવે દાસ કબીર........ ૪

ॐ

## 156. shree kabir parmātmā-ne nama-ha

(ārti)

aum jaya sāheba kabir, aum jaya sāheba kabir
pragata prabhu chho sāchā (2), alakha niranjana deva….. aum jaya
pāvana kāshi tirthe, kamala patra para āpa, prabhu (2)
dhanya karyā niru nimā (2), pragatyā jaga hita kāja…… aum jaya
sada-guru ramā-nanda-ji rāma-no mantra dhare, prabhu (2)
mānava dharma prachāre (2), gādha timira hare………… aum jaya
tatvāji jivā-jini bhakti mānya kari, prabhu (2)
kabira vada praga-tāvyo (2), gura-jara bhumi mahi………… aum jaya
ātama deva chhe ekaja, e upadesha dharyo, prabhu (2)
ashankhya bhajano sākhi (2), bijaka grantha rachyo……… aum jaya
gnāna bhaktinā panthane, sarala kidho chhe āja, prabhu (2)
shitala chhāyadi dharata (2), tāli didhā tritāpa…………….. aum jaya
shree charanomā vandana karatā, bhakto mānge āja, prabhu (2)
gnāna dipa pragatāvo, ama antaramā rāma……………………. aum jaya
apa-rādho-ne kshamā karine, āshisha dharajo āja, prabhu (2)
kalyāna karo sa-u-nu (2), sarveshvari-nā nātha………….. aum jaya

-Mā Sarveshvari

ૐ

## ૧૫૬. શ્રી કબીર પરમાત્માને નમઃ

(આરતી)

ૐ જય સાહેબ કબીર, ૐ જય સાહેબ કબીર
પ્રગટ પ્રભુ છો સાચા (૨), અલખ નિરંજન દેવ...... ૐ જય

પાવન કાશી તીર્થે, કમલ પત્ર પર આપ, પ્રભુ (૨)
ધન્ય કર્યા નિરુ નીમા (૨), પ્રગટયા જગ હિત કાજ.... ૐ જય

સદ્‌ગુરૂ રામાનંદજી, રામનો મંત્ર ધરે, પ્રભુ (૨)
માનવ ધર્મ પ્રચારે (૨), ગાઢ તિમિર હરે........... ૐ જય

તત્વાજી જીવાજીની, ભક્તિ માન્ય કરી, પ્રભુ (૨)
કબીર વડ પ્રગટાવ્યો (૨), ગુર્જર ભૂમિ મહીં........... ૐ જય

આતમ દેવ છે એકજ, એ ઉપદેશ ધર્યો, પ્રભુ (૨)
અસંખ્ય ભજનો સાખી (૨), બીજક ગ્રંથ રચ્યો..... ૐ જય

જ્ઞાન ભક્તિના પંથને, સરળ કીધો છે આજ, પ્રભુ (૨)
શીતળ છાંયડી ધરતાં (૨), ટાળી દીધાં ત્રિતાપ....... ૐ જય

શ્રી ચરણોમાં વંદન કરતાં, ભક્તો માંગે આજ, પ્રભુ (૨)
જ્ઞાન દીપ પ્રગટાવો (૨), અમ અંતરમાં રામ........ ૐ જય

અપરાધોને ક્ષમા કરીને, આશિષ ધરજો આજ, પ્રભુ (૨)
કલ્યાણ કરો સૌનું (૨), સર્વેશ્વરીના નાથ........... ૐ જય

રચનાઃ શ્રી યોગેશ્વર ચરણરજ મા સર્વેશ્વરી
૧૮ માર્ચ ૯૩, શ્રી કૃપાલુધામ

## 157. shree satyanām kabir sāheb-ni ārti

shree rāmkabira bhagavān, prabhu rāmkabira bhagavān
ārati kari-e tamāri (2), dejo bhakti-gnāna
…… aum shree rāmkabira bhagavān

cha-u-daso chhap-pana sanvata, jetha sudi punama, prabhu (2)
kāshi-mā lahara talāve (2), pragatyā purana brahma
…… aum shree rāmkabira bhagavān
niru-nimā-ii-ne tyāhi, dohi chhoti gāya, prabhu (2)
rāmā-nanda guru kidhā (2), rāma-mantra pāya
…… aum shree rāmkabira bhagavān

mahān kidho sikandara, dilhi-no bād-shāh, prabhu (2)
shekha-taki-ne nāthyo (2), hindu rakshana-rāh
…… aum shree rāmkabira bhagavān

samudra jorathi trātakyo, jagan-nātha-puri māhi, prabhu (2)
sthapāvya krishna prabhu-ne (2), purva-dhāma chāhe
…… aum shree rāmkabira bhagavān

māgsara sudi agiyā-rasa, pandaraso pach-cho-tera, prabhu (2)
satya-loka padhāryā (2), shāpa tāli maga-har
…… aum shree rāmkabira bhagavān

satya ahinsā ekatā, eka parameshvara vāda, prabhu (2)
vishva-bandhutva-ni bhāvanā (2), sthāpi brahma-nād
…… aum shree rāmkabira bhagavān

ārati rāma-kabira-ni, je ko-ii gāshe, prabhu (2)
kahe dayā-rāma swāmi (2), moksha bhāthu thāshe
…… aum shree rāmkabira bhagavān

rām-kabira bhagavān, prabhu rām-kabira bhagavān
satya-loka nivāsi (2), sata-mata-nā kara-nār
…… aum shree rāmkabira bhagavān

## ૧૫૭. શ્રી સત્યનામ કબીર સાહેબની આરતી

શ્રી રામકબીર ભગવાન, પ્રભુ રામકબીર ભગવાન
આરતી કરીએ તમારી (૨), દેજો ભક્તિજ્ઞાન.......... ૐ શ્રી રામકબીર ભગવાન॰

ચૌદસો છપ્પન સંવત, જેઠ સુદી પૂનમ, પ્રભુ (૨)
કાશીમાં લહર તળાવે (૨), પ્રગટયા પૂરણ બ્રહ્મ........ ૐ શ્રી રામકબીર ભગવાન॰

નીરૂ-નિમાઈને ત્યાંહી, દોહી છોટી ગાય, પ્રભુ (૨)
રામાનંદ ગુરુ કીધા (૨), રામમંત્ર પાય............... ૐ શ્રી રામકબીર ભગવાન॰

મહાન કીધો સિકંદર, દિલ્હીનો બાદશાહ, પ્રભુ (૨)
શેખતકીને નાથ્યો (૨), હિન્દુ રક્ષણરાહ.............. ૐ શ્રી રામકબીર ભગવાન॰

સમુદ્ર જોરથી ત્રાટકયો જગન્નાથપુરી માંહી, પ્રભુ (૨)
સ્થપાવ્યા કૃષ્ણ પ્રભુને (૨), પૂર્વધામ ચાહે.............ૐ શ્રી રામકબીર ભગવાન॰

માગસર સુદી અગિયારસ, પંદરસો પચ્ચોતેર, પ્રભુ (૨)
સત્યલોક પધાર્યા (૨), શાપ ટાળી મગહર............ ૐ શ્રી રામકબીર ભગવાન॰

સત્ય અહિંસા એકતા, એક પરમેશ્વર વાદ, પ્રભુ (૨)
વિશ્વબંધુત્વની ભાવના (૨), સ્થાપી બ્રહ્મનાદ..........ૐ શ્રી રામકબીર ભગવાન॰

આરતી રામકબીરની, જે કોઈ ગાશે, પ્રભુ (૨)
કહે દયારામ સ્વામી (૨), મોક્ષ ભાથું થાશે......... ૐ શ્રી રામકબીર ભગવાન॰

રામકબીર ભગવાન, પ્રભુ રામકબીર ભગવાન, પ્રભુ (૨)
સત્યલોક નિવાસી (૨), સતમતના કરનાર........... ૐ શ્રી રામકબીર ભગવાન॰

## 158. tame suno dinā-nāth dayāl

rāga: akeli ( *Bhajanāmrut* pada 201, page 124 )

tame suno dinā-nāth dayāl, akeli kyoň rahuň;

lok begānā meň dukhi re vahālo gayo re akeli meli;
dil talase re dārā ko, hāň re mahe tan-māň tālā-veli ………… akeli kyoň rahuň

kathan kasoti khalak ki re vahālo kāyar sab pari-vār;
hete saňdesho mokalyo, hāň re vahāla nahi ko-ii āvan-hār ………… 1

pālav bichhāvu prem ko re tamo suno tri-bhuvan prati-pāl;
gun ava-gun māhe mat dharo, hāň re mohe mrutyu se lijo ugār .... 2

aňtar gat ātur bhaye re vahālo vreh-ni kare re pukār;
jan nām-dev svāmi vinaňti, hāň re tame sunajo sar-jan-hār ……….. 3

## ૧૫૮. તમે સુણો દિનાનાથ દયાળ

રાગ – અકેલી (ભજનામૃત પદ-૨૦૧, પૃષ્ઠ-૧૨૪)

તમે સુણો દિનાનાથ દયાળ અકેલી ક્યોં રહું;

લોક બેગાના મેં દુઃખી રે વાલો ગયો રે અકેલી મેલી;
દિલ તલસે રે દારા કો, હાં રે માહે તનમાં તાલાવેલી ................ ટેક

કઠણ કસોટી ખલક કી રે વાલો કાયર સબ પરિવાર;
હેતે સંદેશો મોકલ્યો, હાં રે વાલા નહીં કોઇ આવનહાર ............... ૧

પાલવ બિછાવું પ્રેમ કો રે તમો સુણો ત્રિભુવન પ્રતિપાળ;
ગુણ અવગુણ માહે મત ધરો, હાં રે મોહે મૃત્યુ સે લીજો ઉગાર ...... ૨

અંતરગત આતુર ભયે રે વાલો વ્રેહની કરે રે પુકાર;
જન નામદેવ સ્વામી વિનંતિ, હાં રે તમે સુણજો સરજનહાર ........... ૩

## 159. juththā bolā jādav tāro

rāga: kālerā-nu tān

juththā bolā jādav tāro, bhed na jāne ko-ii
bhed na jāne ko-ii tāro, pār na jāne ko-ii

swarga-bhuvan-thi lāvyā nārad, pāri-jāti-nu ful
pāňkhadi eka na mokali (alyā), tame kidhā hamārā mul ... juththā bolā

pāri-jāti-ni dāle vahāle, hiňdolā baňdhāvyā
sarve sakhi mali hiňcha-ke (alyā), māňhi gira-dhar gopāl ... juththā bolā

bali-rājā-ne bārne āvi, māňgyā tran vachan
vāman-rupe chhetariyo (alyā), tame vadhi gayā gagan ... juththā bolā

gokul-māň vantolyo vāyo, indra-no ānyo ant
giri govardhan kar dharyo (alyā), tame evā chho bala-vaňt ... juththā bolā

dānav-kul nikaňdan kidhuň, bhakto-ne ugāryā
nar-sai-yā-nā svāmi malyā (alyā), utāryā bhav-pār ... juththā bolā

## ૧૫૯. જુઠ્ઠા બોલા જાદવ તારો

રાગ – કાલેરાનું તાન

જુઠ્ઠા બોલા જાદવ તારો, ભેદ ન જાણે કોઇ
ભેદ ન જાણે કોઇ તારો, પાર ન જાણે કોઇ

સ્વર્ગભુવનથી લાવ્યા નારદ, પારિજાતીનું ફૂલ (૨)
પાંખડી એક ન મોકલી (અલ્યા), તમે કીધા હમારા મુલ ... જુઠ્ઠા બોલા

પારિજાતીની ડાળે વ્હાલે, હિંડોળા બંધાવ્યા (૨)
સર્વે સખી મળી હીંચકે (અલ્યા), માંહી ગિરધર ગોપાલ ... જુઠ્ઠા બોલા

બલીરાજાને બારણે આવી, માંગ્યા ત્રણ વચન (૨)
વામનરૂપે છેતરીયો (અલ્યા), તમે વધી ગયા ગગન ... જુઠ્ઠા બોલા

ગોકુળમાં વંટોળ્યો વાયો, ઈન્દ્રનો આણ્યો અંત (૨)
ગિરી ગોવર્ધન કર ધર્યો (અલ્યા), તમે એવા છો બળવંત ... જુઠ્ઠા બોલા

દાનવકુલ નિકંદન કીધું, ભક્તોને ઉગાર્યા (૨)
નરસૈંયાના સ્વામી મળ્યા (અલ્યા), ઉતાર્યા ભવપાર ... જુઠ્ઠા બોલા

મનકી હારે હાર હૈ,
મનકી જિતૈ જીત;
કહે કબીર પિયુ પાઈએ,
મન હી કો પરતીત.

અર્થાત્ મન જો પહેલેથી હારી ગયેલું હોય તો માણસ જીતની બાજી પણ હારી જતો હોય છે. મન પહેલેથી વિજય મળશે જ એવો વિશ્વાસ ધરાવતું હોય તો હારની બાજી પણ જીતમાં પલટાતી હોય છે. તેથી કબીર કહે છે કે સાધકે મનનો વિશ્વાસ પ્રાપ્ત કરી શરીરમાં રહેલા પરમાત્માને પ્રાપ્ત કરી લેવા જોઈએ. આ કારણે માનવે મનના માધ્યમ તરફ દુર્લક્ષ રાખવું ન જોઈએ. તે તો એક શકિતશાળી સાધન છે. માનવને કુદરત તરફથી મળેલી તે એક મોટી બક્ષીસ પણ છે. તેના જેવી ઝડપી ગતિ કોઈની નથી. એક જ મીનીટમાં સમગ્ર દુનિયાનો પ્રવાસ કરીને પાછું પોતાના સ્થળે હાજર થઈ શકે છે. એવું તે જોરદાર સાધન છે. તેની ઝડપી ગતિ તેની અનંત શકિતનો પુરાવો છે.

મુદ્રક : નટવર સહકારી મુદ્રણાલય લિ. વ્યારા (ભારત) ફોન : (૦૨૬૨૬) ૨૨ ૩૩૩૧
*Printed By : Natvar Sahakari Mudranalay Ltd. VYARA (India) Ph. (02626) 223331*
*Email : natvarpress1@rediff.com*